Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૪ · તા. ૧૮ થી ૨૪ જાન્યુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## ધર્મ પ્રકાશ: નવકાર જાપની પાંચ મુદ્રાઓથી કેવો લાભ થાય છે?



શ્રી જયંતભાઈ રાહી



જ્ઞાન મુદ્રા :



સમન્વય મુદ્રા :



પ્રાણ મુદ્રા :



શંખ મુદ્રા :



ધ્યાન મુદ્રા :

જૈન ધર્મમાં નવકાર મહામંત્રનો ભારે મહિમા છે. જૈન ધર્મના આ મહામંત્રને લોકોના દુઃખ દૂર કરનારો, સુખોને આપનારો અને પ્રાંતે મોક્ષગતિ મેળવી આપનારો સર્વશ્રેષ્ઠ મંત્ર માનવામાં આવ્યો છે. નવકાર મહામંત્રનો આવો અચિંત્ય મહિમા જાણી મુંબઈમાં ચેમ્બુરમાં વસતા નવકારના પરમોપાસક જયંતભાઈ રાહી છેલ્લા અઢાર વર્ષથી ચેમ્બુર, ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ અને પાયધુનીમાં દર મહિને પાંચ મુદ્રાઓ દ્વારા નવકાર મહામંત્રનો સંગીતની સૂરાવલિ સાથે જાપ કરાવે છે. તેમના આ જાપસાધનાના કાર્યક્રમમાં દર મહિને હજારો લોકો ઉત્સાહપુર્વક ભાગ લઈ રહ્યા છે.

શ્રી જયંતભાઈ રાહીના આ નવકાર જાપમાં ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ મુદ્રાઓથી શા-શા લાભો થાય છે અને આ મુદ્રાઓ વડે કરાવવામાં આવતા જાપનો આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક અભિગમ શું છે એના પર એક નજર કરીએ.

૧. જ્ઞાન મુદ્રા : આ મુદ્રામાં સુખાસને કે પદમાસને બેસીને સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈ ત્રણ વાર ૐ હ્રીં ૐનું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. જ્ઞાન મુદ્રામાં તર્જનીની ટોચને અને અંગૂઠાની ટોચને ભેગી કરી બાકીની મધ્યમાં, અનામિકા અને કનિષ્ઠિકા આંગળીઓ સાથે સીધી રાખવાથી આ જ્ઞાન મુદ્રા બને છે. આ મુદ્રામાં બન્ને હાથ ઢીંચણ પર રાખ ટિક્કાર બેસવું આવશ્યક છે. આ મુદ્રામાં ઊંડો શ્વાસ લઈ ધીરે - ધીરે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવે આપણી માનસિક એકાગ્રતા, યાદશક્તિ અને પ્રસન્નતા વધે છે તથા મનમાં અપૂર્વ શાંતિની અનુભૂતિ થાય છે. આ મુદ્રાથી મગજના જ્ઞાનતંતુઓ ક્રિયાવંત બને છે જે આજના તાણભર્યા જીવનમાં સર્વશ્રેષ્ઠ ઔષધીરૂપ બની રહે છે.

૨. સમન્વય મુદ્રા : આ મુદ્રામાં સુખાસને કે પદમાસને બેસીને સર્વપ્રથમ ઊંડો શ્વા લઈને ત્રણ વાર ૐ હ્રીં ૐનું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. આ સમન્વય મુદ્રામાં પાંચેય આંગળીઓની ટોચ મેળવીને હાથ સીધો રાખી બન્ને ઢીંચણ પર હાથ રાખવાથી આ સમન્વય મુદ્રા બને છે. આપના શરીરમાં રહેલાં પાંચ તત્વોનું આ મુદ્રાથી સંયોજન કે સમન્વય થાય છે. એથી આ મુદ્રાને સમન્વય મુદ્રા તરીકે ઓળખવામાં આવે છે. આ મુદ્રામાં ઊંડો શ્વાસ લઈ ધીરે - ધીરે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવે સર્વ પ્રત્યે સમન્વય ભાવ જાગે છે. આ મુદ્રાથી આપણા દેહ અને આભા મંડળમાં પ્રવેશેલા અનિષ્ટ તત્વનું નિવારણ થઈ સાત્વિકતાનો વિકાસ થાય છે. આ મુદ્રામાં જાપ કરવાથી સમગ્ર વિશ્વ પ્રત્યે સમન્વય ભાવોનું આપણા જીવનમાં નિરૂપણ થતાં પ્રાણી માત્ર પ્રત્યેની કલ્યાણની ભાવના પ્રગટ થાય છે.

૩. પ્રાણ મુદ્રા : આ મુદ્રામાં સુખાસને કે પદમાસને બેસીને સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈને લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. પ્રાણ મુદ્રામાં અંગૂઠાની ટોચ પર કનિષ્ઠિકાની ચોટ અને કનિષ્ઠિકાના નખ પર અનામિકાની ટોચ રાખી અંગૂઠાથી હલકું દબાણ આપી બાકીની બે આંગલીઓ સીધી રાખી ઢીંચણ પર બન્ને હાથ રાખી ઊંડો શ્વાસ લઈ ધીરે - ધીરૂ લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવથી પ્રાણશક્તિનો વિકાસ થાય છે. કરોડરજ્જુ સીધી રાખી પ્રાણ મુદ્રા કરવાથી પ્રાણ ઊર્જા સક્રિય બની ઊર્ધ્વમુખી બને છે જેનાથી ઈન્દ્રિય, મન અને ભાવોમાં સુક્ષ્મ પરિવર્તન આવતાં વ્યક્તિની ચેતના ઊર્ધ્વગામી બને છે. લોહી અને શ્વાસની પ્રક્રિયાના તમામ અવરોધો દૂર થાય છે. આ મુદ્રાથી જાપ કરવાથી પગના ગોટલા દૂર થાય છે. આંખની બીમારી નષ્ટ થાય છે. સાધક શારીરિક અને માનસિક દ્રષ્ટિએ શક્તિશાળી બને છે.

અનુસંધાન ૬ઠ્ઠા પાને

# ચાલો કચ્છના નાના રણમાં રમમાણ થવા

સાવજ સિવાય પણ એક બીજા પ્રાણીને કારણે જગતના વન્યપ્રેમીઓમાં ગુજરાત પ્રખ્યાત છે! આ પ્રાણી છે ઘુડખર. એટલે કે જંગલી ગધેડાઓની ત્રણ પ્રજાતિમાંની એક એટલે કે ઘુડખર સમગ્ર જગતમાં ફક્ત અહીં જ જોવા મળે છે. ગુજરાતમાં ફક્ત અહીં જ (કચ્છના નાનારણમાં)

આ એક વિશિષ્ટ પ્રકારનું રણ છે જ્યાં ન તો રેતીના ટીલા છે કે ન તો હવામાં ઊડતી ધૂળની ડમરી છે. અહીં તો છે અનંત સુધી ફેલાયેલો સપાટ પ્રદેશ. કુદરતે માટીનાં ચોસલા પાડ્યાં હોય એવો સેંકડો કિલોમીટર નિર્જન પ્રદેશ. ક્યાંક - ક્યાંક વળી ઊંચાણવાળી જમીન પર વનસ્પતી ઊગેલી જોવા મળે એ જ તમારી હરિયાળી. પણ આ જિલ્લાનું આ જ લક્ષણ એને એટલી ખૂબસુરતી બક્ષે છે કે ન પુછો વાત. કુદરતીની એક - એક છટાના, કમાલના એવા - એવા નજારા અહીં છે કે કોઈ પણ દંગ થઈ જાય. આ કમાલમાં પહેલું આવે મૃગજળ. વાર્તાઓમાં વાંચેલુ મૃગજળ અહીં સાક્ષાત જોવા મળે છે. દરિયામાં ભરતીને કારણે જમીનની તિરાડોમાં ભરાઈ રહેલું પાણી જ્યારે ભરબપોરે બાષ્પીભવન થઈ વરાળનું સ્વરૂપ લે ત્યારે તમારી આંખો સામે આ અજાયબી તાદશ થઈ ઊઠે છે. દૂરથી પાણી જ લાગે, પણ જેમ ચાલીને સામે જાઓ એમ પાણી દૂર થતું જાય અને આમ મૂરખ બનવાનો આનંદે પણ ગુમાવવા જેવો નથી.









આખા દિવસમાં તપેલો તાંબાવરણો સૂરજ જોવો હોય તો પહોંચી જાઓ અહીં. લાંબામાં લાંબો અને સંપૂર્ણ સૂર્યાસ્ત અહિંથી જોવાનો એક અનેરો લહાવો છે. અનંત ક્ષિતીજ સુધી ફેલાયેલું સપાટ અને નિર્બંધ રણ અને ક્ષિતીજ પર સાવ સાફ, વાદળ વગરના આકાશમાં પૂરેપૂરો આથમતો સૂર્ય, ચમકતો સૂર્ય, પછી કેસરી રંગનો સૂર્ય, પછી તાંબાવરણો સૂર્ય અને છેલ્લે લાલ રંગની ટોચથી વિદાય લેતો બધું ઓછું લાગે. ત્યાં જ બેઠો રહો ફક્ત દિશા ફેરવી લો. મોઢું પશ્ચિમમાંથી પૂર્વ તરફ ફેરવી લો. ટોર્ચના અજવાળે પંચાગનાં પાનાં ફેરવી લો અને સમય કાઢો ચંદ્રોદયનો. કાળી ડિબાંગ અંધારી ક્ષિતિજ પર થઈ રહેલો ચંદ્રોદય જોયો છે? અવાક થઈ જશો. મોઢું ખુલ્લું રહી જશે આ કુદરતનો નજારો જોઈને. તાંબાવરણો સૂર્ય તો ઠીક, ચંદ્ર જોયો છે? થાળી જેવડો નહીં, પુરા ત્રાંસ જેવડો પૂર્ણ ચંદ્ર જોયો છે? આ કચ્છના રણમાં આ છે, સાહેબ! તામ્ર વર્ણમાંથી થોડા જ સમયમાં સંપૂર્ણ સફેદ થઈ જાય છે ચંદ્રમાં અને પછી સમગ્ર રણ, સમગ્ર અસ્તિત્વ દુધિયા રંગમાં રંગાઈ જાય છે. આ કહેવાતો ખારો પાટ જાણે કે સજીવ થઈ ઊઠે છે ચાંદનીમાં. સંપૂર્ણ પટમાં પથરાયેલા મીઠાના કણ ચાંદનીમાં એવા ચમકે છે કે ન પૂછો વાત! અંધારામાં જાણે પથરાયેલી બરફની ચાદર જોઈ લો. આમ આ પ્રદેશ અભિભૂત થઈ જવાય એટલી હદે વિશિષ્ટ છે.

આ પ્રદેશ એટલો મોટો છે કે સરકારે એને બે ભાગમાં વહેંચી કાઢયો છે. કચ્છનું મોટું રણ અને કચ્છનુંઈ નાનું રન. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર સાથે જોડાયેલા થોડા હરિયાળા વિસ્તારને અલગ પાડીને એને નામ આપ્યું કચ્છનું નાનું રણ અને પછી ૧૯૭૨ માં આ સમગ્ર નાના રણને ઘુડખર અભયારણ્ય તરીકે ઘોષિત કર્યું. આ લગભગ ૫૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું અભયારણ્ય આપણા દેશનું સૌથી મોટું અભયારણ્ય હોવાનો દરજ્જો ભોગવે છે. યુનેસ્કોની વર્લ્ડ હરીટેજ સાઈટની યાદીમાં પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું દસાડા ગામ એટલું આ અભયારણ્યનું પ્રવેશદ્વાર. દસાડા ગામના સ્વતંત્રતા પહેલાંના નવાબ એવા મલિક કુટુંબની માલિકીના બેએક રિસોર્ટમા પહેલેથી આરક્ષણ કરાવીને જઈ શકાય. આ અભયારણ્ય અનેક રીતે અનોખું છે. પહેલા ઘુડખરની વાત કરીએ.

ભારતીય પ્રાણીઓમાં સૌથી ઝડપડી આ પ્રાણી જંગલી ગધેડાની પ્રજાતિઓમાંની એક પ્રજાતી છે. દેખાવમાં ગધેડા અને ઘોડાની વચ્ચેનું આ પ્રાણી ખુબ જ આકર્ષક અને મજબુત હોય છે. ઘુડખર લગભગ બે કલાક સુધી ૨૫ કિલોમીટર પ્રતિકલાકની ઝપડથી ભાગી શકે છે. ટુંકા અંતર માટે તો એની ઝડપ ૭૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાક પણ જઈ શકે છે. ઘુડખર સિવાય આ અભયારણ્યમાં જંગલી સૂવર, શિયાળ, નીલગાય, રણની બિલાડી જેવાં ઘણાં પ્રાણીઓ પણ જોવા મળે છે. પ્રાણીઓ સિવાય લગભગ ૩૦૦ પ્રજાતિઓનાં પક્ષીઓ પણ આ અભયારણ્યમાં જોઈ શકાય છે.

શિયાળામાં આ અભયારણ્ય ઘણાંબધા વિદેશી પંખીઓનું આશ્રયસ્થાન બની રહે છે અને એમાંના એક છે પક્ષીજગતનાં કદાચ સૌથી સુંદર પક્ષી ફ્લેમીંગો (સુરખાબ) દર વર્ષે લોખોની સંખ્યામાં વિહાર કરતાં આ પક્ષીઓ માટે આ અભયારણ્ય સૌથી વધારે પસંગીનું સ્થાન છે. ગુલાબી રંગનાં પંખીઓ લાખોની સંખ્યામાં આવીને આ પ્રદેશની ક્ષિતિજને ગુલાબી રંગથી ભરી દે છે.

મનીષ શાહ, મિડ - ડે માંથી સાભાર

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 04/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને મહાજનોએ આગામી વર્ષ માટેના અંદાજપત્રો જ્ઞાતિ સમક્ષ મૂકવા જ રહ્યા

મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રવર્તમાન કાનૂની જોગવાઈઓ અનુસાર ચેરીટી કમીશ્નરમાં નોંધણી થયેલ સર્વ ટ્રસ્ટોએ હિસાબી વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા એક મહીના અગાઉ પોતાના ટ્રસ્ટના આગામી વર્ષ માટેના અંદાજપત્ર તૈયાર કરી, ચેરીટી કમીશ્નરના દફતરમાં ફાઈલ કરવા ફરજીઆત છે.

થોડા સમય પહેલાં આ સ્થળેથી, દરેક ટ્રસ્ટે પોતાના વિવિધ સુરેખ અને સુવ્યવસ્થિત આયોજન માટે આવું અંદાજપત્ર તૈયાર કરવું, એ ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓના બન્નેના હિતમાં કેટલું આવશ્યક છે તે વિષે વિચારણા કરી હતી.

મહારાષ્ટ્રમાં આપણી જ્ઞાતિના મુખ્ય ટ્રસ્ટોમાં અનંતનાથ ટ્રસ્ટ, મુંબઈ મહાજન, વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી વિદ્યાલય, નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, સમસ્ત મહાજન, પારોલા મહાજનનો ઉલ્લેખ કરી શકાય.

મહારાષ્ટ્ર રાજ્યમાં તો એક વિશિષ્ટ કાનુની જોગવાઈ અનુસાર, સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ સંસ્થાઓને પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળ, ટ્રસ્ટ તરીકે પણ નોંધણી કરાવવી પડતી હોય છે. તે દ્રષ્ટિએ સમગ્ર મહારાષ્ટ્ર રાજ્યમાં આપણી જ્ઞાતિની સાર્વજનિક પ્રવૃત્તિઓ કરતી અન્ય સંસ્થાઓએ પણ આ રીતે અંદાજપત્રક બનાવવાના રહે છે.

એ રીતે, મુંબઈમાં તો ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ, ક.દ.ઓ. ડોંબિવલી મંડળ, કેડીઓ ક્લાસિક, પરબ, જી.વી.સી. સંઘ અને તેવી અન્ય સંસ્થાઓને પણ અંદાજપત્રક બનાવવા જરૂરી છે.

આ સ્થળેથી, આ અગાઉ પણ દર્શાવાયું છે તેની ફરીથી નોંધ લઈએ તો આમાંના મોટા ભાગના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છેલ્લા ઘણા વર્ષોથી પોતાના ટ્રસ્ટ માટે આવા અંદાજપત્રો બિલકુલ તૈયાર કરતી નથી. બે-ત્રણ ટ્રસ્ટો અંદાજપત્રો તૈયાર કરે છે અને ચેરીટી કમીશ્નરને મોકલે પણ છે પરંતુ જ્ઞાતિ સમક્ષ રજુ કરતા નથી.

એ રીતે તો આમાંના દરેક દરેક ટ્રસ્ટે જ્ઞાતિને પોતાની આગામી વર્ષની પ્રવૃત્તિઓ - યોજનાઓના આર્થિક પાસાં વિષે જાણકારી આપવાનું છેલ્લાં પચાસેક વર્ષથી ટાળ્યું છે.

આ હકીકત, ટ્રસ્ટીઓ ખાનગી પેઢીની જેમ ટ્રસ્ટનો વહીવટ કરવાનું મુનાસિબ માને છે અને જ્ઞાતિ પરત્વે પારદર્શકતા દાખવાની મૂળભુત ફરજ અદા કરવામાં તેવો કેટલા ઉણા ઉતરે છે, તેનો સ્પષ્ટ પુરાવો છે.

આગામી વર્ષમાં, વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના બાંધકામના છેલ્લા તબક્કા સુધીનું કામ હાથ ધરાશે, એ દ્રષ્ટિએ તેના નાણા કેવી રીતે ઊભા કરાશે તે અંગે અંદાજ પત્રક બનાવીને વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે તો દાતાઓને પણ એ

પ્રોજેક્ટ માટે આગળ આવવાનું મન થશે.

૧૧૪ વર્ષ જુના આપના વિદ્યાલયમાંથી છેલ્લા ૪૦ વર્ષ પહેલાં શિક્ષણ મેળવી, હાલ જ્ઞાતિમાં સારી રીતે પ્રદાન કરનાર જ્ઞાતિજનોનો મોટો ફાલ ઉપલબ્ધ છે. પરંતુ તેના ટ્રસ્ટીઓએ એક ગૌરવશીલ સંસ્થાનું અસ્તિત્વ જ ભૂલાવી દીધું છે. છતાંય જાગ્યા ત્યારથી સવાર ગણીને તેમણે જ્ઞાતિ સમક્ષ અંદાજપત્રક દ્વારા એ ટ્રસ્ટનો આર્થિક ઢાંચો મુકવો જ પડશે.

તેવી જ રીતે નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, જે મુંબઈ મહાજનના અંગરૂપ હોવા છતાં એક સ્વતંત્ર સંસ્થા છે તેના તેમજ પારોલા મહાજન જેવા જ્ઞાતિના પરમ આસ્થા સ્થાનોમાંના એક તિર્થના ટ્રસ્ટીઓ અને સમગ્ર જ્ઞાતિને એક સુત્રમાં પરોવવાની ક્ષમતા ધરાવતા સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ પણ પોત પોતાના અંદાજપત્રો જ્ઞાતિ સમક્ષ મુકી એક અનુકરણીય શિરસ્તાની માંડણી કરવી જ પડશે.

સૌથી વિશેષપણે, જે ટ્રસ્ટના વહીવટો ખુબજ મોટા છે તેવા મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના આંદાજપત્રો વિષે વધુ ઉત્સુકતા હોય તે સ્વાભાવિક છે.

જ્ઞાતિના હાલનાં સમાજજીવનમાં આ બન્ને ટ્રસ્ટોની પ્રવૃત્તિઓ વિશેષ મહત્વ ધરાવે છે, તે વિષે બે મત ન હોઈ શકે. તેમાં પણ છેલ્લાં ચારેક વર્ષથી બન્ને ટ્રસ્ટોના સંચાલકો વ્યવહારમાં એક જ હોતા અને તે રીતે બન્ને ટ્રસ્ટોનું વહીવટી કેન્દ્ર એક સમાન હોતાં અને તેમાં પણ જ્ઞાતિના મુંબઈ સિવાયના અન્ય વિસ્તારોના જ્ઞાતિજનો અને ત્યાંના મહાજનો અને એકમોના સંચાલકો પણ આ બન્ને ટ્રસ્ટોની ગતિવિધિઓથી સવિષેશ પ્રભાવિત થાય છે. તે દષ્ટિએ પણ તેમના અંદાજપત્રોનું કઈ રીતે આલેખન થાય છે, તેની જાણકારી સમસ્ત જ્ઞાતિ માટે મહત્વની બની રહે છે.

વળી, ગત વર્ષે આ બન્ને ટ્રસ્ટોના સંચાલકો દ્વારા અનેકાનેક પ્રવૃત્તિઓ - આયોજનોની જાહેરાતો કરવામાં આવેલી છે, તે દરેક વિશે અંદાજિત આવક - જાવકના પાસાંઓની ગોઠવણી કરવાનો વ્યાયામ ગંભીરતા માંગે છે.

.... એટલે આ બન્ને ટ્રસ્ટો વતી જે આયોજનો - પ્રકલ્પો - પ્રવૃત્તિઓની જાહેરાતો થઈ છે અથવા ફાળો આપવા / ખર્ચ કરવાની વચનબદ્ધતા (કમીટમેંટ) અપાયા છે, તેમાં **ડોંબીવલીમાં** એક અને **અનંતસિધ્ધિમાં** રીડેવલપમેન્ટના ભાગ રૂપે એક બીજી અફલાતુન વાડીઓ - અત્યાધુનિક અને મલ્ટીપર્પઝ બેંક્વેટ સ્વરૂપની, **અનંતસિધ્ધી** ભાંડુપમાં અતિથીગૃહ, મેડીકલ સેન્ટર, **ડોંબીવલીમાં** અતિથીગૃહ, મેડીકલ સેન્ટર, મહિલા ગૃહ ઉદ્યોગ, **કચ્છ માંડવીમાં** મેડીકલ સેન્ટર કે નેચરલ કેર સેન્ટર, એજ્યુકેશન સેન્ટર અથવા ઓલ્ડ - એજ હોમ, **કાંજુરમાર્ગમાં** ભવ્ય દેરાસર, ઉપાશ્રય અને એજ્યુકેશન સેંટર, **નવી મુંબઈમાં** અદ્યતન વાડી, **હોપ ૧૦૦૦** સાથે સહયોગ, **મુલુંડમાં સર્વોદય નગરમાં** ઉપાશ્રય વગેરે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

આ રીતે, અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજને ઉપરોક્ત મહત્વાકાંક્ષી આયોજનો/ પ્રવૃત્તિઓમાંના પ્રત્યેક માટે અને તે ઉપરાંત અન્ય કોઈ પ્રસ્તાવિત આયોજન હોય તો તે માટે આગામી વર્ષમાં કેટલો અંદાજિત ખર્ચ થવાની ગણતરી હોય તેના અનુરૂપમાં અને તે દરેક પ્રવૃત્તિ માટે ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી કે અપેક્ષિત અનુદાનોમાંથી કઈ રીતે આવક ઉપલબ્ધ કરવાની છે. તેની ઊંડાણપુર્વક વિચારણા કરી અંદાજ પત્રક બનાવવા માટે ટ્રસ્ટીઓ / વ્યવસ્થાપક સમીતીના સભ્યોએ જરૂરી કાર્યવાહી એકાદ મહીનામાં પુરી કરવાની રહેશે.

છેલ્લા ચાર વર્ષોથી ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ અને મહાજના વહીવટમાં પારદર્શિતા દાખવી નથી અને ગંજાવર ખર્ચ / રોકાણવાળા કેટલાક આડેધડ અને ઓચિંતા આયોજનો જાહેર કર્યા છે. તે પ્રકારનો અભિગમ વહીવટ તેમને પોતાની મુદતના પ્રારંભના પહેલા જ મહીનામાં (એપ્રીલ ૨૦૧૦માં) જ્ઞાતિ સમક્ષ સોંગદવિધિ કરેલી તે વખતે લીધેલા પ્રણ, પ્રતિજ્ઞા અને જ્ઞાતિને આપેલા વચનનો ગંભીર દ્રોહ કે ભંગ સમાન છે તેની નોંધ લઈએ, તે પુરતું નથી પરંતુ ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ આત્મનિરીક્ષણ અને નૈતીક હિંમત અપનાવી આવા અભિગમને હવે પડતો મુકવો પડશે એમ ઉમેરવું પડે તેમ છે.

આમાં પણ મુંબઈ મહાજન દ્વારા છેલ્લા ચાર

૬ઠા પાને ચાલુ

# "ચશ્મા મુક્તિ અભિયાન"

## કેનિયા આય હૉસ્પિટલમાં લેસિક કૅમ્પ
## પ્રાજાસત્તાક દિવસ નિમિત્તે
## 23rd, 24th, 25th January

*Exclusive*
**LASIK CAMP**





LASIK
LASER

વહેલા તે પહેલાના ધોરણે

વિશ્વવિખ્યાત
"ડૉ. વૈશાલ કેનિયા" દ્વારા
વર્લ્ડનાં ફાસ્ટેસ્ટ લેસિક મશીન દ્વારા
અત્યાધુનિક પદ્ધતિથી ચશ્માંના નંબર
કેનિયા આય હૉસ્પિટલમાં કાઢવામાં આવે છે.

**First 100 Callers - Free Lasik Evaluation**
**પહેલાં ૧૦૦ પેશન્ટ ને લેસિક Check Up FREE**

## લેસિક કૅમ્પ રજીસ્ટ્રેશન

ફોન: **2614 4013 • 2613 8088 • 93222 65829**

તારીખ: ૨૩, ૨૪, ૨૫ January 2014 • સમય: સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી

# કેનિયા આય હૉસ્પિટલ

C-રીઝવી નગર, મિલન સબવે, એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૪.
website: www.keniaeyehospital.com • Email: keniaeye@gmail.com

કેનિયા મેડીકલ ઍન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

color-spot.com

*(તંત્રી લેખ ૪થા પાનાથી ચાલુ)*

*વર્ષોમાં* ***યંગ તરંગ*** *જેવા વૈભવી, કે* ***તપસ્વી અનુમોદના*** *જેવા ભભકાદાર કાર્યક્રમો યોજાય છે, તેમાં* ***ગોલ્ડન દાતા*** *જેવા દાતાઓ તરફથી મળતી રકમો અને તેમાં થતા જમણવારો જેવી બાબતના ખર્ચાઓનો મોટો અંશ મહાજનના ચોપડે નોંધાતો નથી, એવી જ્ઞાતિજનોમાં વ્યાપકપણે પ્રવર્તતી શંકા-કુશંકાઓને પાયાહિન અને ખોટી સાબિત કરવા માટે મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો પાસે તક છે. અંદાજપત્રક દ્વારા જ્ઞાતિ સમક્ષ તેની વિગતો મુકાય તે માટે પ્રમાણિકપણે નિષ્ઠા દાખવવી જ પડશે.*

*અલબત્ત, અન્ય ટ્રસ્ટો અને મહાજનો જેમાં પ્રમાણમાં વધારે વયસ્ક ટ્રસ્ટી/પદાધિકારીઓ છે તેઓ પણ વહીવટી પારદર્શિતા દાખવીને, પોતાની સંસ્થાનાં અંદાજપત્રો બનાવી, જ્ઞાતિ સમક્ષ મુકવાની નૈતીક ફરજ અદા કરવાની છે જ.*

*અંતમાં, જ્ઞાતિના ટ્રસ્ટોનો વહીવટ ખાનગી પેઢીની જેમ કરવાને બદલે પોતાની આગામી પ્રવૃત્તિઓ અને આયોજનોની તેમજ તેમાં થનાર અદાંજિત આવક - ખર્ચની વિગતોની જ્ઞાતિજનોને આગોતરી માહિતી આપી પારદર્શક બન્યા વિના જ્ઞાતિ એકતાની વાતો તકલાદી અને પોકળ જ રહેશે.*

*..... એટલે છેવટે, મુદ્દો કહીએ કે પ્રશ્ન - એટલોજ છે કે શું એકાદ મહીનામાં જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને મહાજનોના ટ્રસ્ટીઓ કે અધિકારીઓ સંબંધિત જાહેર ટ્રસ્ટના જવાબદાર ટ્રસ્ટીઓ તરીકેની કાયદેસરની તેમજ નૈતીક ફરજ બજાવશે કે જ્ઞાતિજનો પોતાની નૈતીક હિંમતના અભાવવાળી મનોદશા અને નિર્માલ્ય નિસ્પૃહતાવાળો સ્વભાવ ત્યજીને ટ્રસ્ટીઓને પારદર્શી વહીવટ કરવા ફરજ પાડશે?*

**રા.**

## નવકાર જાપની પાંચ મુદ્રાઓથી કેવો લાભ થાય છે?

**૪. શંખ મુદ્રા :** આ મુદ્રામાં સુખાસને કે પદમાસને બેસીને સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈ લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. શંખ મુદ્રામાં ડાબા હાથના અંગુઠાને જમણા હાથની હથેળીની મધ્યમાં રાખી જમણા હાથની મુઠ્ઠી (ફક્ત જમણા હાથને ખુલ્લો રાખો) વાળી લો. ડાબા હાથની તર્જની (પહેલી આંગળી)ને જમણા હાથના અંગૂઠાની ટોચ મિલાવો. હવે ડાબા હાથની બાકીની આંગળીઓ જમણ હાથની મુઠ્ઠી પાછળ રાખી બન્ને હાથ આપણા નાભિ કેન્દ્ર (પેટ) પર રાખી ઊંડો શ્વાસ લઈ ધીરૂે - ધીરૂે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવા. આ મુદ્રા વડે કરવામાં આવતા નવકાર જાપના દિવ્ય પ્રભાવથી થાઈરોઈડ જેવા રોગ દૂર થાય છે. શરીરમાં રહેલા અનિષ્ટ તત્વનું વિસર્જન થાય છે. નાભિ સાથે શરીરમાં રહેલી ૭૨,૦૦૦ નાડીઓની વિશુદ્ધિ થાય છે. પાચનક્રિયા સુધરી ભૂખ લાગે છે અને આંતરાડાનું શુદ્ધિકરણ થાય છે. સંગીતક્ષેત્રે આગળ વધવાના મનોરથ સેવતી વ્યક્તિએ તો આ મુદ્રામાં નિત્ય નવકાર જાપ કરવાથી તેના અવાજ પર જાદુઈ અસરને તે ઊપજાવી શકે છે.

**૫. ધ્યાન મુદ્રા :** આ મુદ્રામાં સુખાસને કે પદમાસને બેસીને સર્વપ્રથમ ઊંડો શ્વાસ લઈને ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું ધ્યાન. મુદ્રામાં ડાબા હાથની હથેળી પર જમણા હાથની હથેળી મૂકીને બન્ને અંગૂઠાને એકબીજા સાથે મેળવી નાભિ નીચે (પલાઠી વચ્ચે) સ્થાપિત કરવાથી ધ્યાનમુદ્રા બને છે. આ મુદ્રાને વીતરાગ મુદ્રા પણ કહેવામાં આવે છે. આ મુદ્રામાં ઊંડો શ્વાસ લઈ ધીરૂે - ધીરૂે લયબદ્ધ રીતે સ્પષ્ટ ઉચ્ચારણથી ૨૭ વખત નવકાર જાપ કરવા. આ મુદ્રા દ્વારા કરવામાં આવતા નવકાર જાપના દિવ્ય પ્રભાવતી મનની ચંચળતા દૂર થઈ ધ્યાનામાં ઉચ્ચ ભૂમિકા, સમાધિ અને ચિત્ત પ્રસન્નતાનો પમરાટ ભળવાથી જીવન સાર્થકતાની અનુભૂતિ થાય છે.

ઉપરોક્ત પાંચેય મુદ્રામાં પ્રતિદિન નવકાર જાપ કરનાર આરાધકનું જીવન નિર્મળ અને મંગલમય બને છે. ચિત્તની એકાગ્રતામાં વધારો થા છે. મનની ચંચળતા દૂર થાય છે. સાત્વિક વિચારધારા બલિષ્ઠ બને છે. અનિષ્ટ તત્ત્વોની આફત દૂર થાય છે. માનસિક શાંતિ અને પ્રસન્નતાનું પ્રાગટ્ય થાય છે અને પ્રાંતે સાધક આ નવકાર સાધના દ્વારા આત્મસાક્ષાત્કારની ભુમિકાએ પહોંચી પોતાનું શ્રેય સાધવામાં સમર્થ બને છે.

***મિડ - ડે માંથી સાભાર***

## "બોએ બીજ બબુલ કા...." પ્રવીણ ડાઘા - ચેન્નઈ

પ્રકાશ સમીક્ષાના અંક ૪૦માં **માણસ અસત્યનો આસરો કેમ લે છે**? શીર્ષક હેઠળનો લેખ શ્રી પ્રવીણભાઈ લોડાયા, વડોદરાવાળાએ લખેલ, આ લેખ અતિ મહત્વનો અને માર્ગદર્શક બની શકે. પણ સદીઓથી બનતું આવ્યું છે તેમ **બહેરા આગે ગીત, અંધે આગે નાચ, અકારણ જાય** આ અને આવા અનેક કબીરના દુહામાં અત્યંત સરળ સાદી ભાષામાં સાધારણ માણસ પણ સમજી શકે એવા એમના સ્વાનુભવનો નીચોડ છે.

પ્રવીણભાઈના લેખ વાંચી એમાં હજી ઉંડાણમાં ઉતરવાની પ્રેરણા મળી.

રોજ બરોજના જીવનમાં એવું સ્પષ્ટ દેખાય છે કે બીજાને ઠગીને, એકત્ર કરેલા ધન - વૈભવ, સંપતિ - સુખ - સગવડો અને પ્રતિષ્ઠામાં વધારો કરે છે. લાગે છે તો એમ કે ઔર ઠગે સુખ ઉપજે તો પછી કબીર એમ કેમ કહે છે, **ઔર ઠગે દુઃખ હોય.**

સંતો, તિર્થંકરો પોતાના સ્વાનુભવની વાત કરે છે. કોઈ વ્યક્તિ પોતાના ગ્રાહક, ભાગીદાર કે પરિવારના કોઈ સભ્યને ઠગીને, ફસાવીને ધન સંપદા એકઠી કરે છે, ત્યારે એના સુખ સગવડો વધે છે. સમાજમાં પ્રતિષ્ઠા વધે છે... અને એ પોતાને વધુ ચતુર સમજવા લાગે છે... અને બીજાઓને મુરખ.

હકીકતમાં, જે ઠગાઈ ગયા એમણે જે વ્યક્તિ વિશ્વાસ કરવા લાયક ન હતી એવી વ્યક્તિ ઉપરે અતિ વિશ્વાસ રાખ્યો હોય છે.

ચોર ત્રણ પ્રકારના હોય છે. એક તો એ ચોર જે ચોરી કરે અને પકડાઈ જાય. આ જરા બીન અનુભવી કાચા ચોર, બીજા પ્રકારના ચોર એજે ચોરી કરે પણ પકડાયા નહીં અને ત્રીજા ચોર જેને અઠંગ ખેલાડી કહી શકાય, એ ચોરી તો કરે પણ જેના ઘરે ચોરી કરી હોય એનેજ ચોર તરીકે પુરવાર કરે.

આ જે પહેલા પ્રકારનો ચોર હોય એના


|| શ્રી ભલારા દાદાય નમઃ ||

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર**

દ્વારા આયોજીત

**ચૈત્ર સુદ ૧ ગુડી પડવાના શુભ દિવસે તા. ૩૧-૩-૨૦૧૪, સોમવાર ના ભવ્યાતિભવ્ય સંપૂર્ણ દિવસ સવારથી સાંજ સુધીના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતવાર જાહેરાત પાછળથી કરવામાં આવશે.**

**શ્રી ભલારાદાદાની મુંબઈમાં 'સમુહ પહેડી' માટે ૧૨ (બાર) દાતાશ્રીઓ આવકાર્ય છે.** પ્રત્યેક દાતાશ્રીનો ફાળો રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) થી વધુ રહેશે. દાતા બનવા ભાગ્યશાળી ભાવિકોએ વહેલો તે પહેલાના ધોરણે નામ લખાવવા વિનંતી.

સંપર્ક : પંકજ પદમશી ખોના (૯૩૨૩૮ ૬૬૩૩૪) વિરચંદ નરશી લોડાયા (૯૫૯૪૬૦૦૯૦૦)

**લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ**

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળસ્થાનક **શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પૂનમ તા. ૧૩-૧૪-૧૫ એપ્રિલ, ૨૦૧૪ ના ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન છે.** આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિભાવના અને દાદાનો પાઠ રહેશે અને રાત્રે મહાઆરતી દીવડા રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે.

**લી. : શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# શ્રી ક. દ. ઓ. જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન

મોતા ફલીયા, નલીયા - ૩૭૦૬૫૫. તાલુકા : અબડાસા. ( કચ્છ ) ફોન નં. ૦૨૮૩૧ - ૨૨૨૨૧૫

દ્વારા આયોજીત

નલીયા (કચ્છ) મધ્યે

# નેચરોપથી પધ્ધતિ દ્વારા નિ:શુલ્ક સારવાર શિબીર

આ સારવાર શિબીરમાં ગમે તેવા જટીલ રોગોને નેચરોપથી પધ્ધતિ દ્વારા મટાડી શકાય છે. એક જ સારવાર હેઠળ જુદા જુદા રોગો જેવા કે ડાયાબીટીસ, હાઇ તથા લો બ્લડ પ્રેશર, થાયરોડ, હૃદય રોગ, પાચનની તકલીફ, ગેસ - વાયુ કે એસીડીટી, હાથ પગના દુખાવા, બહેનોની તકલીફ વગેરે રોગોની સારવાર થઇ શકે છે. જુદા જુદા રોગો માટે જુદી જુદી સારવાર લેવી પડતી નથી. આ સારાવાર શિબીર નો સર્વે જ્ઞાતિજનોને ખાસ લાભ લેવા વિનંતી કરીયે છીએ.

આ શિબીર

## તા.૨૩.૦૨.૧૪ - રવિવાર થી તા.૨૩.૦૩.૨૦૧૪- રવિવાર સુધી

એક મહિના માટે રહેશે. સારવાર માટે અગાઉથી રૂબરૂમાં નામની નોંધણી કરવવાની રહેશે.

સ્થળ

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન

જૈન દેરાસર પાસે, મોતા ફળીયા, નલીયા. (જીલ્લો : કચ્છ)

**સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને બપોરે ૩:૩૦ થી ૭:૦૦**

આ નિ:શુલ્ક નિદાન કેમ્પને

## પરમ પુજ્ય શ્રી વિજયશાંતીસુરીશ્વરજી મહારાજસાહેબના

ભકતજનો તથા સાથી દાતાઓનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ

૧૦૯, અનુરાગ બીઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર ( ઈસ્ટ ) , મુંબઈ ૪૦૦૦૭૧. ટેલીફોન નં. ૨૫૨૦૭૮૪૫ / ૪૬ / ૪૭.
ફેક્સ નં. ૨૫૨૦૭૮૪૪. e.mail address : kdonaliyatrust@gmail.com

હાથમાં લોખંડની બેડી પડે છે અને જે બીજાકે ત્રીજા પ્રકારના ચોર હોય એના હાથમાં સોનાની બેડી પડે છે.... બેડી સોનાની હોય કે લોખંડની બંને બાંધવાનું કામ કરે છે. બંધન મુખ્ય છે. લોખંડની બેડીવાળો તો એમાંથી મુક્ત થવા કોશીષ કરે છે. પણ સોનાની બેડીવાળો એને આભુષણ સમજીને એને વધુ મજબુત જાતેજ કરે છે અને જાતેજ બંધનમાં આવે છે.

હવે **આપ ઠગે સુખ હોય** એ કબીટના કથન પર જરા ઉંડાણમાં ઉતરીએ... ભગવાન મહાવીરના નીચેના સુત્રથી જાણીએ.

**સુત્ર :** સુવણ્ણ રૂપ્પસ્સ ઉ પવ્વપ ભવે સિપા હ કેલાસ સમા અસંખ્યા । નરસ્સ સુલુધ્ધસ્સ ન તેહિ કિંચે ઈચ્છા હું આગાસ સમા અણાન્તિયા

**અર્થ :** કદાચ સુવર્ણ અને ચાંદી (રૂપાના)ના કૈલાસ પર્વત જેવા અનેક અસંખ્ય કૈલાસ પણ મળી જાય તો પણ લોભીને તૃપ્તિ થતી નથી, કારણ ઈચ્છા આકાશ જેટલી અનંત છે.

**સુત્ર:** કોહો પીંઈ પણ સોઈ, માણો વિણપના સણો માયા મિત્તાણી નાસેહ, લોહો સવ્વ વિણાસણો

**અર્થ :** ક્રોધ પ્રિતીને (પ્રેમને) (સ્નેહને) નષ્ટ કરે છે. માન (અહંકાર, મદ) વિનયને નષ્ટ કરે છે. માયા મૈત્રીને નષ્ટ કરે છે, પરંતુ લોભ તો બધુંજ નષ્ટ કરે છે.

વ્યક્તિની બીજાને ઠગીને ધન પ્રાપ્ત કરવાની વૃત્તિનું મુળ લોભમાં છે અને લોભ કોઈ દી પુરૂં થતું નથી. લોભ વૃતિ વધતીજ જાય છે. અને બીજાને ઠગીને ધન પ્રાપ્ત કરવાની કળામાં આ ત્રીજા પ્રકારનો ચોર પાવરધો નિષ્ણાત બની જાય છે. એ આત્મવિશ્વાસના કારણે એનો આદી વ્યસની થઈ જાય છે અને ભાન ખોઈ બેસે છે. જેમ માદક પદાર્થના સેવનથી વ્યક્તિ પોતાનું ભાન ખોઈ બેસે છે અને એનો આદિ વ્યસની બની જાય છે. કંઈક તેવીજ હાલત આવી વ્યક્તિની થાય છે, એના લોભની પૂર્તિ થવામાં જે જે અવરોધ પેદા થાય છે એવી વ્યક્તિઓ પ્રત્યે આ વ્યક્તિ ઈર્ષા, દ્વેષ, દુર્ભાવના, વૈમનસ્ય પેદા કરે છે. એ બધું બેહોશીમાં થાય છે.


શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમઃ શ્રી શાંતિનાથાય નમઃ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા - બોરાઈ (કચ્છ) - ૩૭૦ ૪૨૧**

**બારોઈ તિર્થે: સાર્ધ શતાબ્દી મહોત્સવ (ત્રિહાનિકા મહોત્સવ) તથા ગોએસરમા તીર્થે ધ્વજા મહોત્સવ પ્રસંગે હાર્દિક નિમંત્રણ**

**આદરણીય બન્ને ગામવાસીઓ, નિયાણી બહેનો તેમજ આમંત્રિત મહેમાનો જોગ**

**જય જિનેન્દ્ર,**

બારોઈ જિનાલયના સાર્ધ શતાબ્દી ત્રિહાનિકા મહોત્સવ અને ગોએસરમા જિનાલયના ધ્વજા મહોત્સવના અને અવસરે તપસ્વીરત્ન અચલગચ્છધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી ગુણોદય સાગર સુરિશ્વરજી મ.સા. અને સાહિત્ય દિવાકર પ.પૂ. સા. ભ. શ્રી કલાપ્રભસાગર સુરિશ્વરજી. મ.સા.ની પાવન નિશ્રા અને વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદની પાવન નિશ્રા સાથે નરેન્દ્રભાઈ નંદુના દિવ્ય કંઠે વિધીવિધાન વિ.સ. ૨૦૭૦ના ફાગણ સુદ ૧૪ ને રવિવાર તા. ૧૬.૦૩.૧૪ના રોજ પાર્શ્વ પદમાવતી પુજન તેજ દિવસે બારોઈ દેરાસરના યક્ષ-યક્ષિણીની ચલ પ્રતિષ્ઠાના ચઢાવા તેમજ ગોએરસમા દેરાસરજીના ધ્વજારોહણના ચઢાવાનો આદેશ આપવામાં આવશે. ફાગણ વદ ૧ ને સોમવાર તા. ૧૭.૦૩.૧૪ના રોજ બન્ને જિનાલયે અઠાર અભિષેક તેમજ ફાગણ વદ ૨ ને મંગળવાર તા. ૧૮.૦૩.૨૦૧૪ના રોજ બન્ને જિનાલયે ધ્વજા મહોત્સવ ધામધુમપુર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે નિમંત્રણ સ્વીકારી સહપરિવાર પધારવા કૃપા કરશોજી.

• **ઉપેન્દ્ર ગોસર** : 09323199335 • **ભુપેન્દ્ર ડાઘા** : 09819883522 • **શ્રેણીક મોમાયા** : 09323785320

**નિમંત્રક ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ગોએરસમા - બારોઈ**

**પ્રમુખશ્રી : ધનપતિભાઈ કુંવરજી મોમાયા** તેમજ **પદાધિકારીઓ** તેમજ **ટ્રસ્ટીઓ**ના

જય જિનેન્દ્ર

પ્રગટ સત્ય એ છે કે ઠગીને ધન પ્રાપ્ત થાય છે પણ અપ્રગટ અને પરમાર્થિક સત્ય એ છે કે એ વ્યક્તિ મનને મલીન કરીને મનમાં આ ઈર્ષા દ્વેષ, વૈમનસ્ય, દુર્ભાવના બીજ વાવે છે, આ અપ્રગટ સત્યથી આવી વ્યક્તિ બેહોશીના કારણે અજાણ છે કારણ પોતાનો હોશ ભાન ખોઈ બેઠો છે. આ વાવેલા બીજમાંથી તો એવાજ વૃક્ષ આવવાના એટલે કબીર કહે છે

***કરે બુરાઈ સુખ ચાહે, કૈસે કોઈ પાવે***
***બોએ બીજ બબુલકા, આમ કહાં સે પાવે***

*એનેજ બુધ્ધ વાણી નીચે મુજબ કહે છે*

**સુત્ર :** મનો પુબ્બ ડગમાં ધમ્મા, મનોસેટ્ઠા મનોમયા મનસા ચે પટુઠેઠન, ભાસતિ વા કરો તિવા તતો ન કખમન્વેતી, ચક્કંવ વદતો પંદ.

**અર્થ :** બધી અવસ્થાઓ (ધર્મ) પહેલાં મનમાં ઉત્પન્ન થાય છે. મન જ મુખ્ય છે. આ ધર્મ મનોમય છે, જ્યારે માનવ મલીન મનથી બોલે છે અથવા કોઈ કાર્ય કરે છે ત્યારે દુઃખ એની પાછળ એવી રીતે પીછો કરે છે જેમ બળદ ગાડીમાં ચાક પૈડા બળદની પાછળ પાછળ ચાલ્યા આવે છે.

તેમજ જે વ્યક્તિ શુદ્ધ, પવિત્ર, સારી ભાવનાના મનથી કોઈ કામ કરે છે ત્યારે સુખ એની પાછળ એની છાયાની જેમ આવે છે. આ સનાતન સત્ય છે, પણ પ્રમાદને લીધે આ સત્ય પામી શકતો નથી.

### વિરાયતનની ૨૦૦ શાળાઓના પ્રોજેક્ટનું લોન્ચિંગ

ભગવાન મહાવીરનો સંદેશ વિશ્વભરમાં ફેલાવતી અગ્રણી સંસ્થા વીરાયતનના ઉપક્રમે જ્યાં જિનાલય ત્યાં વિદ્યાલય નો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જે હેઠળ દેશના લગભગ ૨૦૦ તીર્થસ્થાનોમાં શાળાઓ નિર્માણ કરવામાં આવશે. પરમપૂજ્ય આચાર્ય શ્રીચંદનાજીનાં પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટનો ભવ્ય શુભારંભ ૨૫-૧૧-૧૩ના ષણ્મુખાનંદ હોલમાં કરવામાં આવ્યો હતો. પ્રાણલાલભાઈ શેઠે જણાવ્યું હતું કે આ એક અજોડ પ્રોજેક્ટ છે. જૈનો ઉપરાંત જૈનેતરોનાં શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક વિકાસમાં એ મહત્વનો ફાળો આપી શકશે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ૨૦૦ શાળાઓનાં નિર્માણનો સંકલ્પ છે. આનાથી જૈણસમાજની શિક્ષણ ક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી થશે. એટલું જ નહીં ૨૦૦થી પણ વધૂ શાળાઓ આગળ જતાં ખોલી શકાશે.


**શ્રી સચ્ચાઈ માતાય નમઃ** **શ્રી ભલારાદાદાય નમઃ** **શ્રી સુરાપુરા દાદાય નમઃ**

## સુસલ લોડાયા પરિવારના દેવસ્થાન

### મોટી ખાવડી, નાની ખાવડી, દલતુંગી, ગોરખડી

**મોટીખાવડી મુકામે નમતા લોડાયા પરિવારના સર્વે ભાવિકાને**
**જય જિનેન્દ્ર - જય માતાજી.**

**સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે શ્રી મોટીખાવડી ગામમાં બિરાજમાન લોડાયા પરિવારનાં દેવસ્થાન શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી સુરપુરાદાદાની ધજા ચૈત્ર સુદ ૧૩ને રવિવાર તા. ૧૩.૦૪.૧૪નાં ગંધી બદલવવાની વિધી તેમજ સાંજના ભલારા દાદાનો પાઠ રાખેલ છે. સર્વે ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**કમીટી મેમ્બર પાસે ફાળો લખાવવા નમ્ર વિનંતી છે. ધુપ - દિવેલ માસિક નકરો રૂા. ૧૧૦૦/- રાખેલ છે. જે કોઈ પણ ભાવિકની ઈચ્છા હોય તે કમીટી મેમ્બર પાસે પોતાના નામ લખાવી શકે છે. સર્વે ચડાવા રવિવાર તા. ૧૩.૦૪૨૦૧૪ના સવારે ૯.૦૦ કલાકે સ્થાનિક મંદિરમાં બોલવામાં આવશે. જેની સર્વે ભાવિકો નોંધ લેશોજી.**

**ફાળો લખાવવા માટે સંપર્ક :**

**ભરત પાસુભાઈ લોડાયા :** 09833772735 **કિરીટ કાંતીલાલ લોડાયા :** 09920472971
**દિનેશ કુંવરજી લોડાયા :** 09322967701 **સોમચંદ કરમશી લોડાયા :** 09322076748
**જગદીશ લઘુભાઈ લોડાયા :** 09974705957

**શ્રી સુસલ લોડાયા પરિવારના જય જિનેન્દ્ર - જય માતાજી**

## વાસણ ભેગા થાય તો ખખડેય ખરા
### (પ્રસિદ્ધ લેખિકા શોભા ડે દ્વારા પોતાની દીકરીઓને લખાયેલા એક પત્રનો અનુવાદ

**વનિતા**



**વિશ્વ**

***વહાલી દીકરીઓ,***

પોતાનો મોર્ડન ગણાવતી ઘણી મમ્મીઓ દીકરીઓ સાથે બધી જ વાતો છૂટથી કરતી હોય છે. એ વખતે એ આધુનિક મમ્મીઓ ભૂલી જાય છે કે દીકરીએ હજી ઘણી લાંબી મજલ કાપવાની છે. જીવનને મમ્મીએ આપેલ ઉધાર ચશ્માં પહેરીને નહીં, પણ પોતાની નજરે નિહાળવાનું છે. પોતાનો ચીલો ચાતરવાનો છે. મમ્મીના ચીંધ્યા માર્ગે હાલી નીકળવાનું નથી. દુઃખ તો એ વાતનું છે કે, આજના સમયમાં દરેક માએ દીકરીને વિવિધ ભયસ્થાનો પહેલાં બતાવી દેવા પડે છે. આપણા બાળકો પોતાના અનુભવે શીખે તેવી કોઈ પરિસ્થિતિ આપણે નિર્માણ થવા જ નથી દેતા. બાળકોથી અજાણ હોય, તેમણે પુસ્તકોમાં વાંચી ન હોય કે ટેલિવિઝન પર જોઈ ન હોય તેવી કોઈ બાબત બાકી જ નથી રહેતી.

ઘણી વાર આપણા ઘેર મારી ફ્રેન્ડઝ પોતાના ડામાડોળ લગ્નજીવન અંગે ચર્ચા કરવા આવે છે. વાતમાં ને વાતમાં હું ભૂલી જાઉં છું કે દીકરીઓ પણ એ મિત્રના લગ્નજીવનને ભંગાણના આરે પહોંચાડનાર બનાવો ધ્યાનથી સાંભળી રહી છે. ઝઘડા, લગ્નબહારના સંબંધો, પૈસાની મુશ્કેલી, આક્ષેપો, દારૂની લત, પત્નીને મારવી..... કુમળી દીકરીઓ આ બધું સાંભળી જાય ત્યારે ભારે તકલીફ થાય છે. જેવી એ ફ્રેન્ડ જાય, કે દીકરી પૂછે, “મોમ, વોટ હેપન્ડ?”

હવે મારે શું કહેવું? દીકરીઓ સમજણી છે. ઘણૂં બધું જાણી ચૂકી છે. વધારે ઊંડાણપૂર્વક માહિતી રજૂ કરવી કે ઉડાવી દેવી? મારી મિત્રએ મારામાં વિશ્વાસ મૂકીને કીધેલી વાત જાહેર કેમ થાય? હું વાત ટાળતા કહું, “બેટા, સમય થશે ત્યારે તમને બધી ખબર પડશે. અત્યારે આપણે જમી લઈએ.”

થોડા દિવસ પહેલા જ અવંતિકાએ મને પુછયું, “મમ્મી, આપણા મહેશઅંકલને ફલાણી સાથે અફેર છે? તને તો બધી ખબર હશે, નહીં?” હવે બાળકોના આવા સવાલના જવાબ કેવી રીતે આપવા? “હા” કહેવી? “ના” કહેવી? જુવાનીના દ્વારે પગરણ માંડતી કોડિલી કન્યાને લગ્નજીવનનાં, પ્રેમનાં, રોમાન્સનાં કેટકેટલાં અરમાન હોય! સ્વપ્નમાં ઘોડા પર રાજકુમાર આવતો હોય! એને હું આવા ભંગાર કજોડાંની વાતો કરું તો તે પ્રેમમાં પડતા પહેલા જ ભાંગી પડે. પ્રેમમાં, લગ્નની સંસ્થામાંથી તેમનો વિશ્વાસ ઊઠી જાય!

મોટે ભાગે તો આવી કડવી વાસ્તવિકતાઓની ચર્ચાથી હું તમને દુર જ રાખું છું. પરતું મુંબઈના અપર મિડલક્લાસની આ કરુણતા છે. 'કહાની ઘર ઘર કી' અને 'સાસ ભી કભી બહુ થી' અમ ને એમ નથી ચાલતી! ઘેર ઘેર માટીના ચૂલા છે. હું તો ઈચ્છું કે મારી દીકરીઓ સંધ્યાકાળે, દરિયાકિનારે, સુરજને ડુબતો જોતાં જોતાં, લાલમલાલ આકાશ ભણી નજર કરે ત્યારે તેમનો હાથ પ્રેમથી પકડનાર પાત્ર બાજુમાં હાજર હોય. તેમને કાવ્યો, પ્રણયગીતો, લાલ ગુલાબ અને રોમેન્ટિક ફિલ્મોમાં અનેરો આનંદ આવે. હું પોતે પણ ભરપુર રોમોન્ટિક છૂં. હજી પણ હું પૂરેપૂરી જાડી ચામડીની અને પ્રેક્ટિકલ નથી બની શકી.

મારી ચારે બાજુ ભગ્ન લગ્નજીવનનાં અવશેષો જેવા સંબંધો હું આજકાલ જોઉં છું ત્યારે


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

મને દીકરીઓની ખરેખર ચિંતા થાય છે. દરેક લગ્નજીવન આવા નથી હોતાં. હોં બેટા! આ કળયુગની કડવી વાસ્તવિકતાઓ વચ્ચે પણ લાગણીઓને ધબકતી રાખશો. રોમાન્સને જીવતો રાખશો, હૃદયની કુમાશ જાળવશો તો જીતી જશો. બધે કાંટાળા થોરનાં કે બાવળિયાંનાં વળ નથી, મોગરાની મહેક, રાતરાણીની માદકતા અને જૂઈની શીતળતામાં મહાલવું એ તમારા હાથમાં છે. તમે લગ્નજીવનની સારપમાં જ નહીં, પણ માણસમાત્રની સારપમાં વિશ્વાસ રાખજો. બધાં માણસ ખરાબ નથી હોતાં.

હા, બે વાસણ ભેગાં થાય એટલે ખખડે તો ખરાં જ. ક્યારેક ગોબાય પડે, પણ વાસણને એવા ન ફેંકતા કે તૂટી જાય. એવો ઘા પણ ન કરશો કે સામેવાળાને વાગે! ઝઘડા મોટે ભાગે શેના થાય? પૈસાના? પ્રોપર્ટીના? હક્ક-ફરજ, વૈચારિક મતભેદ? થાય... કોઈ વાંધો નહીં, પણ સામેની વ્યક્તિના પેંગડામાં પગ મૂકીને ક્યારેક વિચારશો તો મોટે ભાગે ઉકેલ મળી જ જશે. સૌથી મોટી ચાવી છે સહનશક્તિ! અને આ શક્તિ એકમેક માટે પુષ્કળ માન હોય, ઉત્કટ લાગણી હોય તથા પરસ્પર વિશ્વાસ હોય તો જ ઉદભવે, ખરું ને?

મારે પોતાને લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં ડેડી સાથે અનેક વાર વૈચારિક મતભેદ થયા છે. એવા વખતે મેં મારી લાગણીઓ, મારા પ્રશ્નો ખુલ્લા દિલે તમારી સાથે ચર્ચ્યા છે. તમે બધાએ એવે વખતે મને ડહાપણથી ભરપૂર, મેચ્યોર્ડ શિખામણ આપી છે. મારા ગુસ્સાને ઠાર્યો છે. વર્ષો પહેલાં હું વાત વાતમાં ગુસ્સે થતી, અબોલા લઈ લેતી, ખોટું લગાડતી.... ઘરમાં કોઈની પણ સાથે બોલાચાલી થાય તો દિવસો સુધી મોઢું ચડાવીને ફરતી.

સમય જતા હું સમજી છું કે વધુ પડતા લાગણીશીલ થવાથી હેરાનગતિ આપણને જ થાય. મારે મારો સ્વભાવ બદલવો જ પડશે. મારી દીકરીઓ, તમે બધાંએ મને મારો સ્વભાવ બદલવામાં ઘણી મદદ કરી છે. મને હંમેશ પ્રફુલ્લિત રહેવાની પ્રેરણા આપી છે. ભગવાનને પ્રાર્થના કરું છું કે મને મળી છે એવી વહાલસોયી અને સમજણી દીકરીઓ તમને પણ ભગવાન આપે.

## શ્રી મોમાઈમા નાગડા પરિવાર યુવક મંડળ

### ગામ રંગપુર સ્થાને બિરાજમાન નાગડા કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની દ્વિતીય સમુહ પહેડી

ગામ રંગપુર સ્થાને બિરાજમાન નાગડા કુળના કુળદેવી શ્રી મોમાઈમાતાજીની દ્વિતીય સમુહ પહેડી રવિવાર તા. ૫-૧-૨૦૧૪ ના રોજ શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ (વેસ્ટ) મધ્યે યોજવામાં આવેલ. પુ. આઈ શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપા અને આશિર્વાદથી તથા પૂજ્ય અમારા વડીલો અને નિયાણી બહેનોના આશિર્વાદથી વાજતે ગાજતે સંપૂર્ણ થઈ.

સવારના ૮.૩૦ ક. થી પૂજ્ય માઁના સામૈયાથી સ્થાપના, માની ભક્તિ તથા ભાવિકોના રાસ-ગરબા તથા મહાપ્રસાદ સર્વેમાં બપોરના ૪ સુધી નો ટાઈમ આપી અમારા પ્રસંગની શોભા વધારી એવા કુટુંબીજનો, સગા-સંબંધી તથા અમારા આમંત્રણને માન આપી પધારનાર બહારગામ તથા સ્થાનિકના મહેમાનો તથા પૂજ્ય માઁની આસ્થામાં માનનાર સૌ ભાવિકો અને નિયાણી બહેનોએ હાજરી આપી આ પ્રસંગની શોભા વધારી તે બદલ **શ્રી મોમાઈ માં નાગડા પરિવાર યુવક મંડળ** આપ સર્વેનો આભાર વ્યક્ત કરે છે.

શ્રી રૂપેશભાઈ વોરા તથા સાથી કલાકારો સવારના ૯.૩૦ થી બપોરના ૨.૩૦ સુધી આગવી શૈલી અને વાણીથી **શ્રી મોમાઈમા**ની ભક્તિથી સૌને તરબોળ કર્યા અને સંગીતના સથવારે રાસ- ગરબાની રમઝટ બોલાવી મંત્રમુગ્ધ કર્યા.

સમગ્ર પહેડીનો ખર્ચ **શ્રી મોમાઈમાં યુવક મંડળ** તરફથી કરવામાં આવેલ. આ પ્રસંગમાં કયાં પણ ભૂલચુક થઈ હોય તથા કોઈને મનદુ:ખ થયું હોય તો યુવક મંડળ ના **મિચ્છામિ દુક્કડમ્.**

**લિ. શ્રી મોમાઈમાં નાગડા પરિવાર યુવક મંડળ**

## ....તો સોનામાં સુગંધ ભળવા જેવું થશે.

એક સમય હતો, જ્યારે આપણી જ્ઞાતિનો મોટો વર્ગ સ્થાનિકે - કચ્છમાં રહેતો હતો. તેવે સમયે આપણા દરેક ગામના મહાજનના શ્રેષ્ઠીઓ ભાદરવા સુદ છઠ્ઠના દિવસે મિચ્છા મિ દુક્કડમ્ માટે ગામના દરેક જ્ઞાતિજનનાં ઘેર જતા અને એ રીતે સુખ - દુઃખ વહેંચી લેતા.

બરાબર એજ પ્રણાલિને ઉજાગર કરી રહ્યા છે.... શ્રી ક.દ.ઓ. જૈન મહાજન મોટી સિંધોડીના ટ્રસ્ટીઓ તેમજ પદાધિકારીઓ. મુંબઈમાં વસતા દરેક ગામવાસીઓના ઘેર ઘેર જઈને (રવિવાર સિવાય પણ) પ્રત્યક્ષ રીતે વિચારોની આપ - લે કરી રહ્યા છે. તો સાથોસાથ યુવા પ્રતિભાઓનો લાભ સંઘ સમાજને મળતો થાય તે અંગે સંકલન પણ કરે છે.

આજે દરેક મુંબઈવાસીઓ પાસે સમયની અછત હોય છે. ત્યારે આવા સન્નિષ્ઠ અધિકારીઓની દૂર - દ્રષ્ટિ સમક્ષ ઝુકી તો જવાય જ ને! ખુબ ખુબ અભિનંદન અને અનુમોદના સહ.... (આપણી જ્ઞાતિના દરેક ગામના મહાજનશ્રીઓ આવી ઉમદા પ્રવૃત્તિઓનું અનુકરણ કરે તો, સોનામાં સુગંધ ભળવા જેવું થશે.

**ઝુકી તો**



**જવાય ને!**

*- દિનેશ રતનશી મૈશેરી,*
મલાડ ૫.૦૧.૧૪

## આદેશ્વર દાદા પ્રત્યે અનેરો શ્રધ્ધાભાવ!

અ. સૌ. વાસંતી કિરીટ લોડાયા બાંઢીયા વાળાને પીયર અને શ્વસુર પક્ષેથી આદિનાથ દાદા પ્રત્યે અટલ અને અડીઅમ શ્રધ્ધાની છાબડીઓ ભરી ભરીને મળી છે!

પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.એ ભાંડૂપમાં મૂળનાયક આદેશ્વરજી દાદાનો જન્મ - કલ્યાણક મહોત્સવનો મનસુબો શ્રી સંઘ સમક્ષ રજૂ કર્યો. શ્રી સંઘે ચડતા પરિણામે ઉજવણી કરી. અને એમાં વાસંતી બહેને દાદાના માતા -


### શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

## નવમી વર્ષગાંઠના શુભ પ્રસંગે હાર્દિક આમંત્રણ

***સંઘના સર્વે ભાઈઓ - બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જિનેન્દ્ર,***

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની નવમી વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૦ના મહા વદ ૧૪ શુક્રવાર તા. ૨૮.૦૨.૨૦૧૪ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.

આ ધાર્મિક મહોત્સવના ધજાના કાયમી દાતા **માતુશ્રી નવલબેન મણિલાલ પદમશી દંડ પરિવાર** તરફથી ધ્વજા આરોહણની પાવન વિધી શુભ મુહુર્તે સંપન્ન થશે.

**કાર્યક્રમ : સવારના ૭.૦૦ કલાકે અઠાર અભિષેક તથા સતરભેદી પુજન**
**સવારના ૧૦.૦૦ કલાકે ધ્વજા આરોહણ વિધી.**

આ શુભ પ્રસંગે સંઘના ઉપકારી આપણા ગામના **પ.પૂ. સાધ્વીશ્રીજી આર્યરક્ષિતામશ્રીજી મ.સા, પ.પૂ. સા દેવરક્ષિતાશ્રીજી મ.સા., પ.પુ.સા. ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. વ્રતરક્ષિતાશ્રીજી મ.સા.**ની ધાર્મિક પવિત્ર નિશ્રામાં થશે. સહુને તેમની સેવા-વંદનનો લાભ પણ મળશે.

આપણા સંઘ તરફથી ગુરૂવાર તા. ૨૭.૦૨.૨૦૧૪ના બહારગામથી આ પ્રસંગે પધારેલ ધર્માનુરાગી ભાવિકો માટે બપોરના તથા સાંજના જમવાની વ્યવસ્થા રાખવામાં આવી છે તેમજ શુક્રવાર તા. ૨૮.૦૨.૨૦૧૪ના માંગલિક દિને સવારના નવકારશી, બપોરની સાધાર્મિક ભક્તિનો લાભ સકળ સંઘ સ્થાનિક મહાજન તેમજ આમંત્રિત સ્નેહીજનો માટે સંઘ તરફથી રાખવામાં આવી છે.

આ શુભપ્રસંગે કાયમી દાતા **માતુશ્રી નવલબેન મણિલાલ પદમશી દંડ** ધર્મપ્રિય પરિવાર તેમના સુપુત્રો **શ્રી મહેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ** તથા **શ્રી રાજેશભાઈ** તેમજ **સેવક ભરૂડીયા સંઘના ટ્રસ્ટીગણ** તરફથી સર્વેને પધારવાનું ભાવભીનું આમંત્રણ છે. સર્વેને સર્વ સાધારણ ફંડમાં ફાળો લખાવવાની નમ્ર વિનંતી.

**એજ લિ. : શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અ. જૈન સંઘ**

**સુરેશ વીરચંદ દંડ** માનદ મંત્રી **અશ્વીન લક્ષ્મીચંદ દૌલત** સહ માનદ મંત્રી

# અશ્રુભિની શ્રધ્ધાંજલી



જન્મ:
તા. ૧૪.૦૧.૧૯૪૦
(કચ્છ, સાંધવ)

દેહ વિલય :
તા. ૧૨.૧૨.૨૦૧૩
(હુબલી)

## સ્વ. શ્રી લક્ષ્મીચંદ જીવરાજ ખોના (L.J. Shah) (હુબલી)

*રડી પડે છે આંખો અમારી તસવીર જોઈને તમારી ...*
*મન હજીએ માનતું નથી, પળે પળે યાદ આવો છો...*
*જીવન એવું જીવ્યા કે કદીયે ભુલાય નહીં*
*વિદાય એવી લીધી કે જે વિસરાય નહીં*
*હસતો ચહેરો રાખી ધૂપસળી જેવું જીવન જીવી ગયા*
*આપનો દયાળું સ્વભાવ, પ્રામાણિકતા, ઉદારતા અને વ્યવહારિક દક્ષતાનો વારસો*
*અમારા માટે માર્ગદર્શનની મહામુડી બની રહી છે....*

**આપના પવિત્ર આત્માને પ્રભુપરમ શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના છે.**

### શોકાતુર પરિવાર

ધર્મ પત્ની : લક્ષ્મી લક્ષ્મીચંદ જીવરાજ ખોના (હુબલી)
પુત્ર - પુત્ર વધુ : અ. સૌ. પ્રીતિ નિલેશ ખોના (હુબલી)
પુત્રી - જમાઈ : અ. સૌ. ભાવના શિરીષ કિશોરચંદ લોડાયા (ધાવણગિરિ)
અ. સૌ. દિપાલી ધનપતિ શીવજી રતાણી (ચાલીસગામ)

### આત્મીય – સ્વજનો

શ્રી પ્રતાપભાઈ જીવરાજ ખોના (અમલનેર)
સ્વ. હેમલતા કરમશી જીવરાજ ખોના (માંડવી)
સ્વ. દમયંતી ઊમરશી જીવરાજ ખોના (મુંબઈ)
ગં. સ્વ. વિજયાબાઈ પદમશી લક્ષ્મીચંદ લોડાયા (અમલનેર)
સ્વ. દેવજી ગોવિંદજી ધરમશી સહ પરિવાર (ઈન્દોર)
મણીકાંત રતનશી લોડાયા સહ પરિવાર (વડાલા)

પિતા બનવાનો લ્હાવો પુત્રવધૂ અ. સૌ. નેહા - નયન ના નામે ચડાવાએ લીધો.

તુરંત રકમ ભરી કૌટુંબિક કાર્યે ચીંચપોકલી ગયા. વળતાં પ્લેટ ફોર્મ ઉપર મોબાઈલ પડી જતાં નમીને લીધો. સાથે પ્રસંગની સંખ્યા બંધ પહોંચો. ઠીક ઠીક રોકડા રૂપિયા, જરૂરી કાગળો ભરેલું પાકીટ પડી ગયું! સાથે ટ્રેઈન આવીને, ચડી ગયા. પાકીટ પડી ગયાનું ધ્યાનમાં રહ્યું નહીં.

મહિલા ડબા પાસે ઊભા હોતાં એક મહિલાએ પાકીટ સીફતથી ઉપાડી લીધું. એ બાજૂમાં ઊભેલ એક જૈન બહેને જોઈ લેતાં પાસેજ ઊભેલ પોલિસને કહેતાં પોલિસે એ પાકીટ જપ્ત કરી કાગળીયા ફંફોસ્યા. જેમાં પહેલી રસીદ આદેશ્વર જિનાલય ભાંડૂપની... પેલી બહેને જોઈ લેતાં ભાંડુપમાં રહેતા તેમના ભાઈને ભાંડુપના કિરીટ દામજી લોડાયાને ઓળખતા હો તો તેમનું રૂપિયા ભરેલ પાકીટ પોલિસ પાસે છે ની વાત કરી. દાદાની દયાએ શેનવાળા કિર્તિ હરિયા એ પરિવારને નજીકથી ઓળખતા હોઈ લોડાયા પરિવારને જાણ કરી.

કિરીટભાઈએ તુર્તજ કુર્લા પહોંચેલા વાસંતી બહેનને મોબાઈલથી ઉપરોકત ઘટના કહેતાં એ હકીકતથી અજાણ વાસંતી બહેનના તો હોશ કોશ ઉડી ગયા! મોઢું પડી ગયું... દાદાનું સ્મરણ કરતાં ફરી ગયા ચીંચપૉકલી.

મહિલા ડબા પાસેજ પોલિસ જાણે પાકીટવાળાની રાહ જોતો ઊભો હતો. બહેનનું મોઢું જોતાંજ એને ખ્યાલ આવી ગયો કે પાકીટ એમનું જ છે. સવાલ કરતાં, પાકીટ અંદરની સર્વ કાગળીયા રોકડા રૂપીયા વગેરે સત્ય જણાંતાં, ઝંઝટ કર્યા વગર પાકીટ સોપ્યું. દાદાના અચિંત્ય કૃપા વર્ષાએ ભાવે ભીંજાયેલ વાસંતીબહેને પોલીસવાળાને ઈનામે રાજી કર્યો.

આભારવશ વાસંતીબહેન દોડતાં દાદા ચરણે રડતી આંખે માથું નમાવી. ગુરૂ ચરણે જઈ બીના કહી... પ્રાર્થના સાર્થક થઈ.

અનુષ્ઠાને અડગ શ્રધ્ધા ક્ષણમાં સાર્થક થઈ! વાસંતીબહેનના માતુશ્રીને ત્રણવાર સાજીના ઘરેના પાછા મળેલા.

વાસંતીબહેનની આદેશ્વર દાદા પ્રત્યેની આવી નિષ્કામ ભક્તિ, શ્રધ્ધાભાવ અને વિશ્વાસ જોઈને ઝુકી તો જવાય ને?

***- લહેરચંદ વેલજી મૈશેરી***

ભાંડુપ તા. ૧૧.૧૨.૧૩


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

Mob. : 7666688881

ગુરૂવાર બંધ

## શબ્દાનંદ

### આડી ચાવી

૧. આસો સુદ દસમ (૬)
૫. ફેંસલો, પતવું કે પૂરું થવું (૩)
૭. શ્વાસનો એક રોગ (૨)
૮. બહાદુર પુરુષ (૪)
૧૦. એક પ્રાચીન જાતના લોક (૨)
૧૨. ખ્રિસ્તિ સાધ્વી (૨)
૧૪. મધમાખી એકઠું કરે (૨)
૧૬. પરવા, ફિકર (૨)
૧૭. લંકેશ (૩)
૧૯. ચર્ચા, તકરાર (૨)
૨૧. હોઠ, લબ (૩)
૨૨. લક્ષણ, ગુણ (૩)
૨૩. એક માદક પદાર્થ (૩)
૨૫. સાથે મળી કરાતી ચર્ચા-વિચારણા (૪)
૨૭. ફેફરું, મૃગી (૨)
૨૯. ગોરી તેરા ... બડા પ્યારા (૨)
૩૦. મુખ્ય, (૨)
૩૧. વેશ ભજવનાર (૨)
૩૩. ચાર પાયાવાળું એક જાતનું આસન (૩)
૩૫. સો (૨)
૩૬. આત્મબલિદાન (૪)
૩૭. જાત... ઝિંદાબાદ (૪)
૩૯. પંડો, પુરોહિત (૨)
૪૦. સબ ... કા વેપારી (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | |
| | | ૭ | | | ૮ | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | ૧૨ | ૧૩ | | ૧૪ | | | ૧૫ |
| | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | | |
| | | ૨૭ | ૨૮ | | ૨૯ | | | ૩૦ | |
| ૩૧ | ૩૨ | | ૩૩ | ૩૪ | | | ૩૫ | | |
| | ૩૬ | | | | | ૩૭ | | | ૩૮ |
| ૩૯ | | | | | ૪૦ | | | | |

### ઊભી ચાવી

૧. ... કાળે વિપરીત બુદ્ધિ (૩)
૨. સ્મરણ, ટાંચણ (૨)
૩. કાબૂમાં રાખવું તે (૩)
૪. એક રાશિ (૨)
૫. મુદ્દાસર લેખ (૩)
૬. પિતાનો ભાઈ (૨)
૯. પતિ, કાંત (૩)
૧૧. કલમનો કાપ (૨)
૧૩. અધમ આદમી (૪)
૧૫. એક જાતનું સુતરાઉ કાપડ (૫)
૧૮. જન્મદિવસ (૫)
૧૯. આગલા દિવસનું (૨)
૨૦. જમણી હથેળીમાં થોડું પાણી લઈ પીવું (૪)
૨૨. પિતા, બાપ (૨)
૨૪. એક ને પા (૨)
૨૬. રામ-સીતાનો એક પુત્ર (૨)
૨૮. ભક્તિ, સ્તુતિ (૪)
૩૦. મૂળ ગામ કે દેશ (૩)
૩૨. આંખમાં દેખાતી ઝીણી લાલ રગ (૩)
૩૪. ... જણાવવાનું કે (૨)
૩૫. નગર, મોટું ગામ (૩)
૩૭. કેફની ખુમારી (૨)
૩૮. કલ્પના, અનુમાન (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*



## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૬૨૫ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૯, ૨૩, ૩૯, ૭૨,

**ત્રણ આંકડાની સંખ્યા :** ૧૫૩, ૨૧૭, ૩૭૯, ૬૨૫, ૬૮૨, ૭૧૪, ૭૨૬, ૮૩૭

**ચાર આકડાની સંખ્યા :** ૧૮૨૩, ૨૪૩૭, ૩૧૪૯, ૩૨૮૫, ૪૮૬૭, ૫૩૧૬, ૬૨૪૩, ૯૧૬૫

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૨૪૬૫, ૨૩૨૮૭, ૩૪૬૨૯, ૪૩૪૭૮, ૫૨૯૩૬, ૬૫૨૧૬, ૮૧૧૯૭, ૮૯૨૧૭

**છ આંકડાની સંખ્યા :** ૧૩૫૨૬૮, ૨૩૪૮૫૯, ૩૫૭૩૩૧, ૪૨૮૩૪૬, ૫૩૪૮૯૭, ૬૯૨૪૮૭, ૯૪૧૬૫૩

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS:**

**2 Digit Nos :** 19, 23, 39, 72,

**3 Digit Nos :** 153, 217, 379, 625, 682, 714, 726, 837

**4 Digit Nos :** 1823, 2437, 3149, 3285, 4867, 5316, 6243, 9165

**5 Digit Nos :** 12465, 23287, 34629, 43478, 52936, 65216, 81197, 89217

**6 Digit Nos :** 135268, 234859, 357331, 428346, 534897, 692487, 941653



## Teen Twinkle

Compilations by Mrs. Neelam Dalesh Momaya , Mssrs. Damji Bhimji Co. Station Road, Chalisgaon – 424101

**Interesting Anecdotes**

After a a lot of practice and efforts, a brilliant scientist developed a formula and learned the art of producing a clone of himself. He did it so perfectly that it was impossible to tell the reproduction from the original.

One day while doing his research, he heard that the angel of death was searching for him. In order to remain Alive, he produced a dozen clones of himself. The reproduction was so good that all of them looked exactly like him. Now, when the angel of death visited him, the scientist stood with the clones. Angel of death was confused as to who Among the 13 before him was the original scientist. He left them and returned to heaven, but not for long. As an expert in human nature, The angel camp up with a clever idea. He addressed the scientist present in this crowd of thirteen people. 'sir, you must be genius to have such a perfect reproduction formula of yourself. However I have noticed one flaw in your work, just a tiny little flaw.' The scientist amongst the crowd immediately jumped out and shouted,' Impossible, where is the flaw?'

'Right here' said the angel as he picked up the scientist from among the reproductions and carried him off. The whole purpose of the scientist and his formula of reproduction failed as he could not control his 'EGO' so he lost his life. When man's knowledge and skill take him to the top and make him successful, the three letter word 'EGO' CAN PULL HIM BACK TO EARTH IMMEDIATELY at its double speed. So, don't allow your ego to kill yourself and your relations with others. Instead KILL YOUR EGO.

**PROVERBS ARE LAMPS TO LIFE**

If God is to live in us, Ego must leave us.

*****Ego has a great appetite, The more we feed it, The Hungrier it gets.

**AMAZING FACTS**

A Chinese poet Li Po is said to have drowned after leaving out of a boat in an drunken attempt to kiss the reflection of the moon on sea water.

****Abdul Aziz who in 1932 became the first king of what is now called Saudi Arabia, had 79 children.

******* Winston Churchil was born in a ladies cloak room in the ancestral castle of Bleinheim. His mother was attending a dance there and she pre-maturely delivered the child....

**AMAZING FIGURES**

A PERSON SWALLOWS APPROXIMATELY 295 TIMES WHILE EATING DINNER ***** it would take 3000 years to count all the stars in the galaxy at the rate of one per second.

****** IN 1933 Mickey Mouse, an animated cartoon character received 8,00,000 letters from the fans.

**Think over it**

*Failure does not mean you have accomplished nothing;*
*It means you have learnt something,*
*Failure does not mean you been defeated;*
*It means you have a lot of faith,*
*Failure does not mean you have been lazy:*
*It means you have to do something in a different way.*
*Failure does mean you are inferior:*
*It means you are not perfect.*
*Failure does not mean you have wasted your life:*
*It means you have a reason to start afresh.*
*Failure does not mean you should give up;*
*It means you should try harder till you succeed.*
*Failure does not mean you will never make it;*
*It means it will take a longer time.*
*Failure does not mean that God has abandoned you;*
*It means that God has a better plan for you.*

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**
**સાંધવવાસીઓ જોગ નમ્ર વિનંતી**

જ્ઞાતિપત્ર પ્રકાશ સમીક્ષાના અંક નંબર પર તા. ૨૧.૧૨.૧૩થી ૨૭.૧૨.૧૩ની જાહેરાત મુજબ તા. ૨.૨.૨૦૧૪ને રવીવારના સ્થાનિક સાંધવ ખાતે રાખવામાં આવેલ મીટીંગ હાલે મુલત્વી રાખવામાં આવેલ છે. સાંધવ મહાજનશ્રીના સભ્યોના આવેલ પત્રો તેમજ ફોન કોલ્સ દ્વારા કરવામાં આવેલ જાણ મુજબ સ્થાનીકે માદરે વતનની મીટીંગમાં હાજર રહેવાની અનુકુળતા ન હોવાથી તેમજ આ મીટીંગ મુંબઈ ખાતે બોલાવાના વિનંતી પત્રો સારી સંખ્યામાં મળતા તા. ૨.૨.૧૪ રાખવામાં આવેલ મીટીંગ હાલે મુલત્વી રાખવામાં આવેલ છે. તેની સહુ સાંધવવાસી જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન**
**સાંધવવતી પ્રમુખ શ્રી શામજી નરશી દંડ**

## CALENDAR FOR THE YEAR 2014

| | |
|---|---|
| JANUARY | 3 |
| FEBRUARY | 6 |
| MARCH | 6 |
| APRIL | 2 |
| MAY | 4 |
| JUNE | 0 |
| JULY | 2 |
| AUGUST | 5 |
| SEPTEMBER | 1 |
| OCTOBER | 3 |
| NOVEMBER | 6 |
| DEVEMBER | 1 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| SUNDAY | 1 | 8 | 15 | 22 | 29 | 36 |
| MONDAY | 2 | 9 | 16 | 23 | 30 | 37 |
| TUESDAY | 3 | 10 | 17 | 24 | 31 | 38 |
| WEDNESDAY | 4 | 11 | 18 | 25 | 32 | 39 |
| THURSDAY | 5 | 12 | 19 | 26 | 33 | 40 |
| FRIDAY | 6 | 13 | 20 | 27 | 34 | 41 |
| SATURDAY | 7 | 14 | 21 | 28 | 35 | 42 |

To know the day on any date during the year 2014, add the corresponding number of the month column to the date and the sum obtained will reveal the day in the day column.

**Example:**

To Know the dad the August 15, 2014, add give to 15 The sum is 20 and the day is friday.

***- Rashi Sachin Shah*** Age : 11 Ghatkopar

## સફેદ રણને જોડતા ગાંગતા બેટ પર રસ્તો બની જતાં સુવિધા : બબરગઢના આકર્ષનનું કેન્દ્ર

રાપરથી માત્ર ૧૮ કિ.મી.ના અંતરે આવેલું સફેદ રણ પોતાની આગવી અસ્મિતા સાથે પ્રકૃતિપ્રેમીઓને આકર્ષી રહ્યું છે. તેમાંયે રણના રસ્તે શોભતા ગાંગતા બેટ પર ચાર કિ.મી.નો મેટલ માર્ગ બની જતાં હવે આ વિસ્તાર આકર્ષણનું કેન્દ્ર બની રહયો છે. નજીકમાં આવેલો પ્રાચીન બબરગઢ પણ પુરાતત્વ વિભાગ માટે સંશોધનનું કેન્દ્ર બન્યો છે. રાપરથી રવ થઈને રવેચીધામ અને ત્યાંથી ઉત્તર દિશાએ મોણકાધામ અને ત્યાંથી શરૂ થાય છે... રણ...

## જાહેરખબર દાતાઓને સુચના

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | **160 x 225 mm** | **7,000** | **4,000** |
| અડધું પાનું | **160 x 111 mm** | **4,000** | **2,250** |
| પા પાનું | **77 x 111 mm** | **2,500** | **1,250** |
| ૧/૮ પાનુ | **77 x 54 mm** | - | **700** |
| ૧/૧૬ પાનું | **77 x 27 mm** | - | **350** |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

## પરસ્પર સહમતિથી છુટા છેડા

**સિધ્ધાર્થ શરદ દંડ (સેવક ભરૂડીયા - કોચીન) અને રચના નવીન ઉમરશી મુનવર (જખૌ - મુલુંડ, ચેકનાકા) કૌટુંબિક પરસ્પર સહમતિથી છુટા થયા છે.**

## પત્ર વ્યવહાર શક્ય નથી

લેખકો / વાચકોએ મોકલેલા લેખો, સૂચનો, ચર્ચાપત્રો ઈત્યાદિના સ્વીકાર કે અસ્વીકાર બાબતે અથવા તેમાં કરેલા સુધારા-વધારા કે અંકો મળવા / ન મળવા વિશે પત્રવ્યવહાર કે મૌખિક ચર્ચા કરવી શક્ય નથી તેની નોંધ લેવા વાચકો/લેખકોને નમ્ર વિનંતી. - તંત્રી

## જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા નીયમીત મળે તે માટે પુરા પ્રયાસો થાય છે

પ્રકાશ સમીક્ષા સમિતિ તરફથી દરેક જ્ઞાતિ જનને પ્રકાશ સમીક્ષા નીયમીત મળે એ માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરાવામાં આવે છે. દર અઠવાડિયે નિશ્ચીતપણે અલગ અલગ પીનકોડ મુજબ ૧૧૫ જેટલા બંડલોમાં અંકો પોસ્ટ કરાય છે. જેની મુંબઈ જી.પી.ઓ.ના પત્રિકા વિભાગ દ્વારા પહોંચ પણ અપાય છે. અંકો નિયમિત ન મળતા હોય કે એકસાથે બે - ત્રણ મળતા હોય તે માટે સ્થાનિક પોસ્ટ ઓફિસની નિષ્કાળજી જવાબદાર છે. આ અંગે ત્યા લેખિત ફરિયાદ કરી તેની પહોંચ લઈ મુંબઈ જી.પી.ઓ.-પત્રિકા વિભાગ મુંબઈ ૪૦૦૦૦૧માં તેવી પહોંચ સહિતની ઝેરાક્ષ નકલ મોકલી ફરિયાદ કરવી જેથી ઉક્ત પત્રિકા વિભાગ સ્થાનિક પોસ્ટ ઓફિસને તાકિદ કરી શકે અને તે રીતે કોઈ ઉકેલ કે સુધારો થશે જ્ઞાતિજનો સરનામા બદલાય કે પોતાના સાચા પિનકોડની અમને જાણકર્તા નથી તેથી દર સપ્તાહે ૨૦-૨૫અંકો અમને પાછા મળે છે અંક પરના મેઈલીંગ સ્ટીકર ઉપર છપાયેલ સરનામું તપાસી લેવા વિનંતી. - તંત્રી

# કે. ડી. ઓ ટ્રેડ ફેરનું અનોખું હેતુપુર્વક અને જરૂરથી વિઝીટ કરવા લાયક સ્ટોલ

આપને આવકારવા માટે ઉત્સુક છે... શ્રેષ્ઠ ખરીદી સાથે સત્કાર્યમાં સહકારનો સંતોષ આપતો વિશેષ

**સ્ટોલ નં. ૯૨ મેરા યોગદાન ઈનકે લિયે...**



આ સ્ટોલ એક એવા ગ્રુપનો છે, જેણે બિજનેશ, ચાર્ટર્ડ એકાઉન્ટન, વકીલાત, ડોક્ટરી, મેનેજમેન્ટ, એન્જીનિયરિંગ, ફાઈનાન્સીયલ, પ્લાનિંગ, આર્કીટેકચર તથા ટાઈલ્સ ડીઝાઈનીંગના ક્ષેત્રે સફળતા મેળવ્યા પછીય જીવનમાં કંઈક ખુટતું હોવાની લાગણી આધ્યાત્મિક સત્સંગ અને કરૂણાભાવે કરેલી સેવાથી ભરી દેવાનો ઉમદા સંકલ્પ કર્યો છે.

વધુ માહિતી માટે સંપર્ક : ચેતન દિનેશ લોડાયા મો. 9320061511/9320261511

## એમના મેરા યોગદાન સ્ટોલ પર આપને મળશે.

આદિવાસી મહિલાઓએ તેમને સ્વાવલંબી બનાવવાના પ્રોજેક્ટ હેઠળ બનાવેલી આ વસ્તુઓ.

**ખાખરા, મુખવાસ, તોરણ, બટવા, મોબાઈલ કવર ઉપરાંત:**
**પ્રીમયર ચોકલેટ, ગીફ્ટ આઈટમ, નહાવાના અને તાજગી રાખવાના પ્રોડક્ટસ...**




**આધ્યાત્મિક કરૂણાનું સાકાર રૂપ દર્શાવવા શ્રીમદ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર દ્વારા શ્રી પ્રેમ આચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ના માર્ગદર્શન હેઠળ ચાલતી મેરા યોગદાન ઈનકે લિયેની પ્રવૃત્તિઓના હિતેચ્છુ બનવાનું માર્ગ દર્શન પણ અહી મળશે.**

મેરા યોગદાન સ્ટોલની મુલાકાત લેવાથી આપને મળશે. ત્રણ લાભકારી સંતોષ...

૧. આદિવાસીઓના વિકાસની પુણ્યકારી પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનો સંતોષ.. ૨. આધ્યાત્મિક કરૂણાથી થતા રચનાત્મક સમાજ કાર્યના હિતેચ્છુ બનવાનો સંતોષ... ૩. જીવનની નવી દિશા મેળવવાનો સંતોષ....

**મેરા યોગદાન ઈનકે લિયે...**
પ્રોજેક્ટમાં ચાલતી પ્રવૃત્તિઓ











## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર, ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦

### હાર્દિક આમંત્રણ

જય જીનેન્દ્ર,

જય ભારત સહ સહર્ષ નિવેદન કે આપણી ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે આ વર્ષે તા. ૨૫ જાન્યુઆરી તેમજ તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૪ પ્રજાસત્તાક દિનના દિવસે વિધીવત ઉજવણી કરવા નક્કી કરેલ છે. સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સહકુટુંબ સહભાગી થવા અમારું આપણે હાર્દિક આમંત્રણ છે. બે દિવસનો આ કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

### કાર્યક્રમ શનિવાર, તા. ૨૫/૧/૨૦૧૪

| સમય | કાર્યક્રમ |
|---|---|
| બપોરે ૩.૦૦ વાગે | પધારેલા મહેમાનોનું સ્વાગત |
| બપોરે ૩.૧૫ વાગે | દિકરીઓ દ્વારા પ્રસ્તુત નૃત્યુ નાટીકા ''મહામાનવ મહાવીર - ભાગ ૧'' |
| સાંજે ૫.૦૦ વાગે | અતિથી વિશેષોનું બહુમાન તથા પ્રાસંગિક વક્તવ્ય |
| સાંજે ૫.૩૦ વાગે | નૃત્યુ નાટીકા ''મહામાનવ મહાવીર - ભાગ ૨'' |
| સાંજે ૭.૩૦ વાગે | ભોજન સમારંભ |
| ☞ નૃત્યુ નાટીકા - લેખક : શ્રી પીયુષ ભટ્ટ, નીર્દેશન તથા કોરીયોગ્રાફી : કુમારી ઈશા જોશી | |

**કાર્યક્રમના અતિથી વિશેષો :-**

- શ્રીમતી વસુબેન ત્રિવેદી (શિક્ષણ મહિલા અને બાલકલ્યાણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
- શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂજી જાડેજા (હકુભા) (ધારાસભ્યશ્રી - જામનગર શહેર)
- શ્રી બી. એન. દવે (જામનગર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી)
- શ્રી રમણિકભાઇ કે. શાહ (મેનેજીંગ ટ્રસ્ટી - ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ)
- કુમારી કિર્તીબેન સુરેશભાઇ સોની (એડવોકેટ હાઇકોર્ટ)

**કાર્યક્રમના આમંત્રિત મહેમાનો :-**

- શ્રીમતી તારાબેન વિ. પાંભર (આચાર્ય શ્રી એ. બી. કન્યા વિરાણી વિદ્યાલય)
- શ્રીમતી સ્નેહલબેન સુનિલ પલાન (પ્રિન્સીપલ શ્રી હરીયા સ્કુલ)
- શ્રી વિનુભાઇ પટેલ (અગ્રણી ઉધોગપતી - જામનગર)
- શ્રી સોમચંદભાઇ ઠાકરશી ધરમશી (સમાજસેવક / ટ્રસ્ટી શ્રી ભરૂડીયા જૈન સંઘ)
- શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી (સમાજસેવક / ભૂતપુર્વ પ્રમુખ શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ)
- શ્રી કાંતિલાલ ગાંગજી વોરા (સમાજસેવક / ભૂતપુર્વ પ્રમુખ શ્રી રંગપુર જૈન સંઘ)
- શ્રી મહેંદ્રભાઇ વિશનજી લોડાયા (સમાજસેવક /ભૂતપુર્વ માનદ્ મંત્રી શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ)

**કાર્યક્રમ સ્થળ :- કુંવરબાઇ જૈન ધર્મશાળા, ન્યુ જેલ રોડ, જામનગર - ૩૬૧ ૦૦૫.**

### રવિવાર, તા. ૨૬/૧/૨૦૧૪

| સમય | કાર્યક્રમ |
|---|---|
| સવારે ૭.૩૦ વાગે | સવારના નાસ્તો |
| સવારે ૯.૦૦ વાગે | ધ્વજ વંદન તેમજ પ્રાસંગિક પ્રવચનો |
| સવારે ૧૦.૩૦ વાગે | શિબિરમાં દિકરીઓ દ્વારા બનાવેલ વસ્તુઓનું પ્રદર્શન |
| સવારે ૧૧.૦૦ વાગે | વિવિધ હરિફાઇઓ અને રમત ગમત |
| બપોરે ૧૨.૦૦ વાગે | ભોજન સમારંભ |

**કાર્યક્રમના સમારંભ પ્રમુખ :-**

- શ્રી તિલકચંદ્ર જયંતીલાલ ખોના (પ્રમુખશ્રી - શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન, જામનગર)

**કાર્યક્રમના અતિથી વિશેષો :-**

- શ્રી નિલેશભાઇ ટોલિયા (જૈન અગ્રણી જામનગર)
- શ્રી ભાનુભાઇ દોશી (પ્રમુખ - સમસ્ત જૈન સમાજ, જામનગર)
- શ્રી ભરતભાઇ પટેલ (જૈન અગ્રણી જામનગર)

**સ્થળ : શ્રી ક. દ. ઓ. જૈન સહાયક સમિતી ટ્રસ્ટ, ઇન્કમટેક્સ ઓફિસ પાછળ, જામનગર - ૩૬૧ ૦૦૫.**

---

**નીયત કાર્યક્રમ માટે દાતાઓ પાસેથી આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ છે.**
**આવા સન્માનિય પુરસ્કર્તાઓને યાદી નિચે મુજબ છે.**

| | |
|---|---|
| રૂા. ૩૧,૦૦૦/- | શ્રી સોમચંદભાઇ ઠાકરશી ધરમશી (ભરૂડીયા) |
| રૂા. ૩૧,૦૦૦/- | માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (ભરૂડીયા) |
| રૂા. ૨૧,૦૦૦/- | શ્રી બિપિન પાશ્વિર નાગડા (રંગપુર) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી બાયાંબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી જયાબેન મોતિલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી લલિતાબેન કેશવજી ધરમશી પરિવાર (રંગપુર) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર (મોટી ખાવડી) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર (મોટી ખાવડી) |
| રૂા. ૨૧,૦૦૦/- | માતુશ્રી લીલબાઇ પદમશી વોરા (રંગપુર) |
| રૂા. ૧૧,૦૦૦/- | માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપશિયા પરિવાર (દલતુંગી) |
| રૂા. ૧૧,૦૦૦/- | માતુશ્રી ગિતાબેન નવિનચંદ્ર રતનશી શાહ (મોટી ખાવડી) |
| રૂા. ૧૧,૦૦૦/- | માતુશ્રી ધનબાઇ રામજી માણેકજી નાગડા (રંગપુર) હસ્તે સુરેશભાઇ |
| રૂા. ૧૧,૦૦૦/- | માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી માલદે પરિવાર (દલતુંગી) |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી અશોક લાલજી લાલકા પરિવાર (રંગપુર) |
| રૂા. ૫,૦૦૦/- | માતુશ્રી સોનબાઇ રાયચંદ કરમશી લોડાયા પરિવાર (દલતુંગી) |
| રૂા. ૫,૦૦૦/- | માતુશ્રી જયાબેન નરશી ભાણજી લાપસિયા પરિવાર (દલતુંગી) |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી (સાંધણ) |

અમે સહુ સખીદિલ હિતચિંતકોના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

આપ સહુની હાજરી થકી આનંદ, ઉત્સાહ અને પ્રસન્નાતાનું સુંદર વાતાવરણ પ્રસ્થાપિત થશે. જે આપણી દિકરીઓને પ્રોત્સાહિત કરશે.

**સમયસર પ્રસંગે પધારવા અમારું સ્નેહભીનું આમંત્રણ સ્વીકારશોજી .**

**લી.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટવતી**

**ટ્રસ્ટીઓ તથા કારોબારીના સભ્ય**

| | | | |
|---|---|---|---|
| અશોક મણિલાલ દંડ | - પ્રમુખ તથા ટ્રસ્ટી | મનોજ ભવાનજી ખોના | - માનદ્ મંત્રી તથા ટ્રસ્ટી |
| સુનિલ માણેકજી લોડાયા | - ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી | પંકજ કેશવજી ધરમશી | - ખજાનચી તથા ટ્રસ્ટી |
| પ્રવિણ જેઠાલાલ લાપસિયા | - ટ્રસ્ટી | કુસુમબેન સુર્યકાંત દેવાણી | - ટ્રસ્ટી |
| નવિન રતનશી શાહ | - ટ્રસ્ટી | બાબુલાલ જીવરાજ લોડાયા | - ટ્રસ્ટી |
| જીવરાજ ગોવિંદજી લોડાયા | - ટ્રસ્ટી | સોમચંદ પુનશી ધુલ્લા | - ટ્રસ્ટી |
| બિપીન પાશ્વિર નાગડા | - ટ્રસ્ટી | મુકેશ ઝવેરચંદ દેવાણી | - ટ્રસ્ટી |
| વિજય મોતીલાલ લોડાયા | - ટ્રસ્ટી | પંકજ શામજી લાપસિયા | - ટ્રસ્ટી |
| દિલીપ ડુંગરશી લાપસિયા | - ટ્રસ્ટી | | |

।। શ્રી ચંદ્રપ્રભદાદાય નમઃ।। ।। શ્રી મોટીખાવડી તીર્થ।। ।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।



# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી

## ''શ્રી મોટી ખાવડી તીર્થ મધ્યે થયેલ ચાર્તુમાસ ની ઝાંખી''







ગુરુમૈયા પ. પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મહારાજ સાહેબ તથા આદિઠાણા

જય જીનેન્દ્ર, શ્રી સંઘના ઉત્તમ પુણ્યના બળે અને પૂ. ગુરુદેવની પ્રબળ ભાવનાથી પ. પૂ. આચાર્યશ્રી એ આપણા ગુરુદેવ પ. પૂ. સાધ્વી શ્રી મહોદયાશ્રીજી મહારાજ સાહેબ આદિઠાણાંનું ચાર્તુમાસ ગુર્જર દેશે હાલાર મધ્યે શ્રી મોટી ખાવડી જૈન સંઘને ફાળવેલ, આ અનમોલ લાભ આપવા બદલ શ્રી સંઘ, પ. પૂ. આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને નતમસ્તક વંદન કરે છે.

ચાર્તુમાસ કરવા પધારેલ સાધ્વી ભગવંતો ગુરુમૈયા પ. પૂ. શ્રી મહોદયાશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. યશોદયશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. મુક્તીરત્નશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. હર્ષનીધીશ્રીજી મહારાજ સાહેબ અને પ. પૂ. શ્રેયંશકલાશ્રીજી મહારાજ સાહેબનો પ્રવેશ તારીખ ૧૪/૭/૨૦૧૩ ના આષાઢ સુદ સાતમના ખુબજ ધામ ધૂમ પૂર્વક ઉજવાયો, પ્રવેશની સાથે સાથે તેમના વરદ હસ્તે શ્રી જીનાલયનો મુખ્યદ્વાર, શ્રી સંઘની ઓફીસ, કેશર રૂમ અને નીચેના ઉપાશ્રયના નુતનીકરણ બાદ શ્રી સંઘ માટે ખુલ્લા મુકાયા તથા ઉપરના ઉપાશ્રયનું ઉદઘાટન કરાયું.

ત્યાર બાદ શ્રી જીનાલયના મુખ્ય દ્વારના દાતા શ્રી ખીમજી કરમશી લોડાયા પરિવાર, શ્રી સંઘની ઓફીસ, કેશર રૂમના દાતા, શ્રી ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર નીચે ના ઉપાશ્રયના દાતા શ્રી શાંતિલાલ શામજી લોડાયા પરિવાર અને ઉપરના નવા ઉપાશ્રયના દાતા શ્રી માણેકજી રૂપશી લોડાયા પરિવારનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

આ સાથે જ શ્રી સંઘમાં ચાર્તુમાસની ભવ્ય આરાધનાની શરૂઆત થઇ, દર રવિવારે બાળકોનું જૈન સંસ્કરણ માટે બાળ સંસ્કરણ અને બહેનોની દર ગુરૂવારે શિબિરનું આયોજન પૂજ્ય શ્રી ની નીશ્રા માં થયું. જોતજોતમાં આવી પહોચ્યો રૂડો અવસર પર્યુષણ પર્વ, પૂ. શ્રી ની નીશ્રામાં અતિ આનંદ / ઉલ્હાસ થી આરાધનાઓ, ઉછામણીઓ પર્યુષણ દરમ્યાન થઇ તે ઉપરાંત દરરોજ રાત્રી ભાવના તેમજ નાના બાળકો દ્વારા સંગમ નાટક નું સુંદર આયોજન કરવામાં આવેલ, પર્યુષણ પર્વ દરમ્યાન શ્રાવક / શ્રાવિકાઓ દ્વારા ભવ્ય થી ભવ્ય પ્રભુજીની આંગી રચનામાં સર્વે મંત્ર મુગ્ધ થયા, શ્રી જૈન શાસનને છાજે તેવી આરાધનામાં છત્રીસ ઉપવાસ-૧, સોળ ઉપવાસ-૬, અગિયાર ઉપવાસ-૧, નવ ઉપવાસ - ૧ અને અઠાઇ -૨૩ તપસ્વીશ્રીઓ એ કરી તેમજ ચોસઠ પ્રહરી પોષધ વ્રત - ૩ અને સાથે સાથે અઠમ, છઠ અને એકાસણા તો ખરાજ. સર્વે તપસ્વી રત્નોની સાતા શ્રી ચંદ્રપ્રભ દાદાના પ્રભાવ અને ગુરુમૈયાના આશિષ થી સારી રહી તદ ઉપરાંત ચાર્તુમાસ દરમ્યાન થયેલી આરાધનામાં ચોમાસી છઠ, નવકાર મહામંત્રના એકાસણા, ચાર્તુમાસિક છઠ, અષ્ટપ્રતિહાર્યના એકાસણા, વૃતિ સંસ્ક્ષેપ એકાસણા, અષ્ટમહાસિદ્ધી ના એકાસણા, શાંતિ કળશના એકાસણા, રત્નત્રયી ના ત્રણ એકાસણા તથા નવ આયંબીલની ઓળી આરાધના થઇ, નવ દિવસ દરમિયાન એકસો અગિયાર આયંબીલ ની સંખ્યા, નવ દિવસ શ્રી સિદ્ધચક્ર ભગવંત ની આરાધના છેલે દિવસે પાત્રીશ આયંબીલની સંખ્યા તથા પચાસ પ્રતિક્રમણ નાના બાળકોએ કરેલ. પ. પૂ. આચાર્ય ભગવંત અચલગચ્છાધિપતી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય તિથી ની અઠ્મ, માસધરની અઠ્મ, દિવાળીની છઠ ખરી તથા સંપૂર્ણ ચાર્તુમાસ માં એકાસણા ખરાજ. બધા તપસ્વીઓ ની ભૂરી ભૂરી અનુમોદના.

પ. પૂ. ગુરુમૈયા આદિ ઠાણા દ્વારા કરવામાં આવેલ પુજનો અને પૂજાઓ અવિસ્મરણીય રહ્યા, આ

અનુષ્ઠાનોમાં ગીત સંગીતની જવાબદારી મોટીખાવડીના યુવાન કલાકારોએ ઉપાડી લિધેલ અને દરેક અનુષ્ઠાનો હર્ષો ઉલ્હાસ થી પૂર્ણ થયેલ. આ અનુષ્ઠાનો માં સમાવેશ થાય છે શ્રી ચંદ્રપ્રભ ભગવાન અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠાર અભિષેક પૂજન, શ્રી ઉસગ્ગહરં પૂજન, શ્રી ભક્તામર પૂજન, શ્રી સરસ્વતી દેવી પૂજન, શ્રી અરીહંત વંદનાવલી પૂજન, શ્રી સિદ્ધચક્ર પૂજન, શ્રી ગૌતમ સ્વામી પૂજન, શ્રી નમસ્કાર મહામંત્રનું અનુષ્ઠાન (દ્રષ્ટાંતો સહ), શ્રી અર્હમ પૂજન, શ્રી ચંદ્રપ્રભુ દાદાના બસો પચાસ અખંડ ધારા એ અભિષેક, શ્રી શેત્રુંજય તીર્થની રચના તથા ભાવ યાત્રા, શ્રી નેમનાથ પ્રભુનો જન્માભિષેક, શ્રી જીરાવલા પાર્શ્વનાથ મહાઅનુષ્ઠાન, શ્રી રત્નાકર પચ્ચીસી નામ અર્થ દ્વારા આલોચના, પ્રાણી રક્ષા હિતે ગૌશાળા ગમન, શ્રી જીનાલય શુદ્ધીકરણ અભિયાન, શ્રી ચંદ્રપ્રભ દાદા, શ્રી વિજય યક્ષ અને જ્વાલામાલિની દેવીના અભિષેક, શ્રી એકસો આઠ નમસ્કાર મહામંત્રના જાપ સહ એકસો આઠ પુષ્પ પૂજન, શ્રી નમીઉણમ પાર્શ્વનાથ અઠાર અક્ષરી મહામંત્ર જાપ સહ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની અષ્ટપ્રકારી પૂજા, રાજ રાજેશ્વરીમાં પદ્માવતી ની વિશિષ્ટ આરાધના રાસ ગરબા સહ, શ્રી ચંદ્રપ્રભ દાદા અને શ્રી પાર્શ્વનાથ દાદાના સવારે ૬ થી રાત્રે ૧૦ સુધી અખંડ જાપ, શ્રી લબ્ધી નીધાન ગૌતમ સ્વામીનો રસ વાંચન, શ્રી વિસ સ્થાનક મોટી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા, નવ પદ પૂજા, બારવ્રત ની પૂજા, શ્રી મહાવીર પંચ કલ્યાણકની પૂજા અને શ્રી આદિનાથ પંચ કલ્યાણકની પૂજા આ બધા અનુષ્ઠાનો માં શ્રી સંઘે બહોળી સંખ્યામાં ભાગ લઇ ધર્મની ધજા લહેરાવી હતી.

આ ચાર્તુમાસનો અવિસ્મરણીય અને કાયમી સંભારણું એટલે ''જીવન શણગાર શિબિર'' તારીખ ૬/૧૧/૨૦૧૩ થી ૧૦/૧૧/૨૦૧૩ દરમ્યાન સંસ્કારનું સિંચન કરતી શિબિરનું આયોજન અભૂતપૂર્વ રહ્યું, સાશન વંદના, ધ્વજ વંદના, દીપ પ્રાગટય, સ્વાગત ગીત, શ્રુત દેવીની સ્થાપના અને ઢોલ શરણાઇના સથવારે આ શિબિરની શરૂઆત થઇ, જ્ઞાન પાચમના એકાવન ખમાસણા તથા સરસ્વતી પૂજન, ગેટ આઊટ પેપર, તારે તે તીર્થ પેપર, જ્ઞાન દર્શન, ચરિત્ર પેપર, કોમ્પ્યુટર પેપર, એકમાં અનેક પેપર તથા લક્કી જોડ ગેમ, ડબ્બા ફોળ ગેમ, તીર્થંકર લાંછન ગેમ, સંગીત ખુરશી, પંચ તીર્થી ગેમ, કપલ ગેમ, રમાડવામાં આવી, સ્પર્ધા પણ થઇ ચામર, રંગોળી, પંચ પરમેષ્ઠી વર્ણ સોધ, સાથિયા, ગહુલી, આરતી સણગાર હરીફાઇ યોજવામાં આવી, રાત્રે નાની બાળાઓ, મોટી છોકરીઓ તથા બહેનો ના રાસ ગરબા હતા, બાળકોનો ડાન્સ, માઇમ નાટક, જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા, દરરોજ સવારે યોગા, જીન દર્શન, સામુહિક ચૈત્ય વંદન, સામુહિક અષ્ટપ્રકારી પૂજા, પંચ પરમેષ્ઠી મુદ્રાઓ, સાહેબજી સાથે જ્ઞાન ગોષ્ટી, શ્રી ચંદ્રપ્રભ દાદા અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંગીત સહ જાપ, પ્રભાત ફેરી, ચૈત્ય વધામણા, વન મિનીટ ગેમ શો, વેશભૂષા, કે. બી. જી. ગેમ શો, સુપર માર્કેટ, અંતાક્ષરી, જ્ઞાન ક્વીઝ, દિવાળી દરમ્યાન ફટાકડા ન ફોડવા બદલ પાઠ શાળાના બાળકોનું અભિવાદન, સરસ્વતી અભિવાદન, અને સૌથી અનેરો આનંદ શ્રી કુમારપાળ મહારાજાની ભવ્ય એકસો આઠ દીવાની આરતીમાં આવ્યો આ ક્ષણ ખરે ખર અદભૂત હતી, શિબિર દરમ્યાન પાંચ વર્ષ થી તેર વર્ષના બાળકોએ ગૃહત્યાગ કરી શ્રી મહાજનવાડીમાં રાત્રી રોકાણ કરેલ તે સૂચવે છે કે સાહેબજી દ્વારા રચવામાં આવેલ આ ''જીવન સણગાર શિબિર'' કેટલી આત્મીય સિંચન હશે. આ ''જીવન સણગાર શિબિર'' ને ભવ્ય બનાવવા માટે શ્રી કિર્તીભાઇ ધરમશી અને એમની સુપુત્રી હાર્દિકા ગામ તેરા વાલાની શ્રી સંઘ અનુમોદના કરે છે. આ શિબિરમાં પોણા બસો જેટલા શિબિરાર્થી ઓએ ભાગ લીધેલ.

કારતકી પૂનમના એક્સો આઠ સિદ્ધાચલ તીર્થના ખમાશણા તથા ભવ્ય આરાધના ત્યારબાદ ગુરુના ઉપકારની ઋણ સ્મૃતિનો એક અનોખો કાર્યક્રમ ગુરુ પૂજન, ગુરુ વંદનાવલીનું આયોજન કરેલું તેમજ પાઠશાળાના બાળકોનું અભિવાદન કરવામાં આવેલ, અને અંતમા કારતક વદ એકમના ચાર્તુમાસ પરિવર્તનની શિક્ષા લઇ ઢોલ શરણાઇના નાદે સર્વે ભાવ વિભોર થઇ સાહેબજીના ઠાણા ઉઠાણા ઉઠાણા કરી સાહેબજી આદિ ઠાણા સાથે શ્રી જગદીશ લધુભાઇ લોડાયા ના નિવાસસ્થાને ગયા અને શ્રી જગદીશ ભાઇએ શ્રી સંઘને નવકારસી નો લાભ આપ્યો, આ બદલ શ્રી સંઘ એમના પરિવારની અનુમોદના કરે છે, અને સંભારણા રૂપે જીવન માં ધર્મ પ્રત્યે નવ વૃદ્ધિનું શ્રી સંઘમાં સિંચન થયું.

આ ચાર્તુમાસને સફળ બનાવવાનો શ્રેય મોટી ખાવડીના વડિલો, યુવા ધન, પાઠશાળાના બાળકો, સખીદીલ દાતાશ્રીઓ સાથે સાથે નામી અનામી તમામ સ્વયંસેવકોને – આમ સંપુર્ણ મોટી ખાવડીવાસીઓને જાય છે, આમ શ્રી મોટી ખાવડી સંઘે ત્રિવેણી સંગમ રચી ભવ્ય આરાધના કરી પુણ્ય ઉર્પાજન કર્યું.

**એજ ભવદીય,**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી**

**ટ્રસ્ટીશ્રીઓ ના જય જિનેન્દ્ર**

## **આનંદ ધામ**- ગીતા જૈન (મુલુંડ)

ખારોઈ (ભચાઉ-કચ્છ) સ્થિત આનંદ ધામ માં કુદરત ખોળે રહેવાનું બન્યું. નિસર્ગના એક ખૂણે શાંત વાતાવરણમાં વસેલા આ આરોગ્યધામથી તાજપને સંગાથે લઈ બસની મુસાફરીના આનંદ ઉઠાવતી, પોતપોતાની દુનિયામાં મસ્ત એવા સાથી મુસાફરોની સંગાથે મોટી ખાખર સુધી ક્યારે પહોંચાઈ ગયું તેનું ભાન ન રહ્યું. મોટી ખાખરમાં રહેતા મારા મિત્ર ગુણાવંતીબેનના ઘરે પહોંચતા મધ્યાહન વેળા થઈ. જમતી વખતે રસોડામાં મોટા કુકરમાં વધારેલા ભાત કોના માટે બનાવ્યા હશે? ત્યાં મારા આશ્ચર્ય વચ્ચે અડધી બળી ગયેલી એવી થાળી જમીન પર મૂકાયાનો અવાજ સંભળાયો, જે થાળીમાં એ બધા ભાત સજાવી દેવાયા.

મારી નજર થાળી પરથી એને લઈને આવનાર બહેન પર પડી. વિખેરાયેલા વાળ, મેલા-ઘેલા કપડા, જરીવાળો પણ જુનો એવો ચણિયો, કોઈએ આપેલ હોય તેવું જુનું ઢીલુ બ્લાઉઝ અને અડધી પડધી સાડીમાં શરીર ઢાંકતી એક સ્ત્રી ઊભી હતી. વિષાદ પમાડે તેવી સ્થિતિ ધરાવતી એ બહેનનો ચહેરો આનંદ સાગરમાં જાણે હિલોળા લઈ રહ્યો હતો. નામ પૂછતાં - કહ્યું 'હું રાજી!'

હું તો ગુણવંતીબેન અને રાજીબેનની નિઃશબ્દ આપ-લે જોઈ અવાક જ થઈ ગઈ!

એ દિવસે સાંજે થોડું ચાલીને પાછા ફર્યા ત્યારે બે ઓટલા પર રાજીબેન અને બીજા એક ભાઈ ભરનિદ્રામાં પોઢી રહ્યા હતા. એ.સી. રૂમમાં પણ કોઈ આટલી નિરાંતથી ઊંઘી નથી શકતો એવા સ્ટ્રેસ/ટેન્શનના આ સમયમાં આ બન્ને જણા ખુલ્લા આકાશની નીચે કોઈકના ઘરના ઓટલે પોટલીમાં બંધાઈ જાય અને જેને સાચવવાની કે ચોરાઈ જવાની કોઈ ચિંતા ન હોય એવા અસબાબની આસપાસ સૂતા હતા. મને થયું કેવું વિશિષ્ટ યુગલ છે આ! પછીથી ખબર પડી કે એ બેન - ભાઈ હતા.

બીજે દિવસે સવારે પુજા કરવા નીકળી ત્યારે થોડી સૂકાયેલી ડાળીઓ ભેગી કરી એની પર


॥ જય શ્રી પોડસાદાદા ॥ ॥ જય શ્રી સચ્ચામાં ॥ ॥ જય શ્રી ક્ષેત્રપાલ દાદા ॥

**વિકમશી નુખના શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકો ને**
**જખૌ સ્થાનકે પધારવાનું સપ્રેમ આમંત્રણ**

જખૌ ગામે બિરાજમાન શ્રી સચ્ચાઈમાતાજીને નમતા રાણપર, જખૌ, સુથરી, વરાડીયા, વારાપધર, પરજાઉ વિગેર ગામોના સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનો સહપરિવારને શ્રી સચ્ચાઈમાતાજીના ભુઈમાં તથા શ્રી પોડસાદાદાના ભુવાની ગંધી બદલવાનું કાર્ય તેમજ પહેડી પ્રસાદનો અનેરો લાભ લેવા હેતભર્યુ આમંત્રણ છે.

**કાર્યક્રમ ની રૂપરેખા :**

**તા. ૧૩.૦૪.૨૦૧૪ ચૈત્રસુદ ચોદસની રાત્રે માતાજીની ભક્તિ ભાવના,**
**તા. ૧૪.૦૪.૧૪ ચૈત્રસુદ પુનમની સવારે ગંધી બદલવવાનું અને પહેડી,**
**તા. ૧૫.૪.૨૦૧૪ ચૈત્ર વદ - એકમ ના સવારે રાણપર દેરાસરમાં**
**પ્રભુજીની સેવાપુજા ભક્તિ વિગેરે.**

**પુછ પરછ સંપર્ક : સતિશ કાનજી વિકમશી :** 09870131193,
**અખિલેશ ધનજી વિકમશી** 09819827280, **નિલેશ કરમશી વિકમશી :** 09820782431

**પત્ર વ્યવહાર સંપર્ક : મેસસ કાંતિભાઈ કરમશી કં.** ૪૧૨, મેકર ચેમ્બર્સ નં. - ૫,
પ્લોટ નં. ૨૨૧, નરીમન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧.
ઈમેલ : kantikarmasey@vsnl.net akhilkshal@gmail.com

**નોંધ : આપ કેટલા જણ પધારશો તેની જાણ ૧ મહિના પહેલા કરવા વિનંતી.**

**નિમંત્રક : શ્રી વિકમશી પરિવાર સચ્ચામા સમુહ પહેડી સમિતી.**

નાની વાટકી મૂકી રાજીબેનને ચા બનાવતા જોયા. પૂછ્યું 'શું કરો છો?' સ્મિતવાળા ચહેરાએ પ્રત્યુત્તર આપ્યો 'બેન, ચા બનાવું છું. ચા તો જોઈએ ને? વળી' એ જ આનંદ સાથે ચા ઉકાળવામાં પરોવાયા.

ગુણવંતીબેન અને મનસુખભાઈ કેનિયાએ જણાવ્યું કે આ બંને બેન-ભાઈ વર્ષોથી અહીં આવે છે. મૂળ ઝરપર ગામના છે. ભાઈને પતરાના ડબ્બામાંથી સૂપડી, નાના ડબ્બા જેવા ઘર ઉપયોગી સાધનો બનાવવાની સારી ફાવટ છે.

આ બેન - ભાઈ એક ગામથી બીજે ગામ ફરતા રહે. કોઈ એક આશ્રયસ્થાન શોધી લે. બહેન ત્યાં બેસે, ભાઈ ગામમાં ફરીને કામ કરે જે થોડું - ઘણું મળે એમાં તેમની જીંદગીનું ગુજરાન ચાલે મોટી ખાખરમાં આવે ત્યારે ગુણવંતીબેનના ઘર પાસે ઓટલા પર બેસે. બંને વખતનું ગરમ ભોજન ગુણવંતીબેન જમાડે. જે ગામમાં જે મળ્યું તે ખાઈ - લઈ આ બેન-ભાઈની જુગલજોડી આનંદથી મહાલ્યા કરે. આ લોકોને અપરિગ્રહના કોઈ પાઠ શીખવાની જરૂર ખરી?

અલગારી એવા આ બેન-ભાઈ ઘણીવાર તો પંદર-પંદર દિવસ સુધી રોકાય. બે વખતનું ગરમ ભાણું મળ્યા કરે. આ દંપતી જ્યારે મુંબઈના ઘરે હોય, કચ્છનું રસોડું બંધ હોય ત્યારે બેન - ભાઈની જોડી આવી ચડે તો એમની સેવિકા સલમા પણ એ જ રીતે હસતા મુખે બે ટંક રસોઈ બનાવીને આ હરતા - ફરતા સાધુ ને જમાડીને જ જપે! માલિક તેવા સેવક!

ક્યારેક પૈસાની જરૂર હોય તો મનસુખભાઈ પાસે આવીને ૨૦૦-૪૦૦રૂા. માંગીલે. નેકી કર ઔર કુએ મેં ડાલ ની મનોવૃતિ ધરાવતા આ પતિ-પત્ની તો ઓ વાત ભૂલી ગયા હોય ત્યારે ઓચિંતો આ અવધૂતોનો કાફલો ચડી આવે અને આવીને સીધા મનસુખબાઈના હાથમાં થોડા - થોડા કમાવીને ભેગા કરી સાચવી રાખેલી ચીમળાયેલી નોટો આવીને પડે. ખૂબ આનાકાની છતાં તે પૈસા પરત કરીને જ જાય. ગૌરવભેર પાછા ફરતા એ પગલાં એ જ મસ્તીથી પતરાના ડબ્બાને લઈ ચાલતા થઈ જાય.... દીન બની બીજાના ઉપકારોની નીચે દબાયેલા રહેતા લોકો કરતાં આવા ગૌરવભેર જીવતા મિઠિયાભાઈ માટે સ્વાભાવિક રીતે જ માન થઈ આવે છે.

રાજી (ખુશી) અને મિઠિયાભાઈ (મધુર) નામ પણ કેટલા સૂચક છે!

મીરા કથીત **રામ રાખે તેમ રહીએ** ને સાર્થક કરતાં આવા લોકો આપણને કેટલું બધુ શીખવી જાય છે. કેટલું બધું મળ્યું હોવા છતાં ફરિયાદોની યાદી તૈયાર રાખનાર માણસ કશું ન હોવા છતાં આનંદમાં રહેનાર આવા લોકોની નોંધ પણ લેતો નથી. સુખ માટેની હોડમાં અમુલ્ય આનંદને ગુમાવી બેસરનાર ખરો ધનિક છે કે પછી કશું ન હોવા છતાં સુખી આનંદિત રહેનાર આવા રાજીબેન અને મિઠિયાભાઈ ધનિક છે? આખરે આપણી દોટ શાંતિ અને સુખ માટેની જ હોય તો તે લક્ષ્ય (સાધ્ય) પ્રથમ સ્થાને હોવું જોઈએ - સાધન નહિં.

જીવનપર પર ઓચિંતા મળી જતા આવા લોકો ખરેખર આનંદસભર વિસ્મયલોકમાં લઈ જાય છે. મને થયું હું એક આનંદધામથી બીજા આનંદધામ પાસે આવી પહોંચી હતી.

***પ્રબુધ્ધ જીવન માંથી સાભાર***


જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથ

**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, (મુંબઈ)**
**સાતમો વાર્ષિકોત્સવ**

સાતમા વાર્ષિકોત્સવ પ્રસંગે મંચ દ્વારા આયોજિત દાંડીયા - રાસ - ગરબાના કાર્યક્રમમાં પોતાનું સભ્ય પદ નવીનકરણ (Renew) કરનાર તથા નવા સભ્ય થવા ઈચ્છતી વરાડીયા ગામની બહેનોને સહપરિવાર તથા પરિણિત નિયાણી બહેનોને સજોડે પધારવાનું નિમંત્રણ આપતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

**સ્થળ તથા સમય :**
**શેઠ શ્રી નરશી નાથા બૅંકવેટ હોલ,**
**અનંત સિધ્ધી કંપાઉંડ,**
**ભાંડુપ (પ), મુંબઈ - ૭૮**
**બપોરે ૩.૦૦ કલાકેથી, તા. ૨.૨.૧૪ રવિવાર**

**નોંધ :** સભ્યપદ નવીનકરણ કરનાર તથા નવા સભ્ય બનનાર સર્વે બહેનોને રીટર્ન ગીફ્ટ અપાશે. કાર્યક્રમ બાદ સ્વરૂચિ આહારનો લાભ લેશોજી, ચોવિહારની સુગમતા છે.

કારોબારીના સભ્યો :
શ્રીમતી લીના મોમાયા - 9321691018
સૌ. આશા ડાઘા - 9594871898
સૌ. પ્રિયા મોમાયા - 7498442020,
સૌ. લીલાવંતી મોમાયા - 9769123069
સૌ. ચિત્રા લોડાયા - 9819089539,
સૌ. શીલા મોમાયા - 9920803587

## જૈન સાધ્વીની હંસકીર્તિશ્રીજી રેકોર્ડરૂપ આયંબિલ યાત્રા : ૭૩ વર્ષની ઉંમરમાં કુલ ૧૯, ૮૨૫ આયંબિલ



જૈન ધર્મના તપના વિશ્વમાં એક અનોખો અને ઐતિહાસિક રેકૉર્ડ બન્યો છે. રેકોર્ડધારક બન્યા છે સાધ્વી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજસાહેબ. ગુજરાતના શંખેશ્વર તીર્થે તેમની ત્રીજી વખતની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનું પારણું થયું.

હંસાએ બાળપણના સંસ્કારથી તપધર્મની રથયાત્રા શરૂ કરી એ ઉંમરના ૧૬મા વર્ષે દીક્ષા લીધા બાદ ૨૫ વર્ષમાં ૧૦૦ઓળી પૂર્ણ કરવાનો આકરો નિયમ લીધો અને દેવ-ગુરુ-ધર્મના પસાયે કુલ ૨૪ વર્ષના સમયગાળમાં એ નિયમ પૂર્ણ કર્યો. જોકે વર્ધમાન તપ સાથે એવા સખીભાવ બંધાઈ ગયા હતા કે સાડાપંદર વર્ષમાં બીજી વખત એકથી શરૂ કરીને ૧૦૦ ઓળી અને પછી ફરી પાછું સાડાસોળ વર્ષના ગાળામાં ત્રીજી વખત ૧૦૦ ઓળી આમ આ ૩૦૦ ઓળી દરમ્યાન ૧૫,૧૫૦ આયંબિલ અને ૬૭૭ ઉપવાસ કર્યા અને આ વિશિષ્ટ તપસ્યા સાથે જ પ્લસમાં તેમણે ૧૬૮૦ સળંગ આયંબિલ+ ૧૪૦૦ સળંગ આયંબિલ (૮ વર્ષમાં માત્ર ૪ એકાસણાં છોડી ૩૦૮૦ આયંબિલ), ઉપરાંત સળંગ ૫૦૦, ૪૫૦, ૨૭૫, ૨૫૦, ૧૨૦ આયંબિલ અને ૧૫ વર્ષની ઉંમરથી આજ પર્યંત વર્ષમાં બે વખત આવતી નવપદની ઓળી દરમ્યાન આયંબિલ કર્યાં અને આ તપયાત્રાની સાથોસાથ જ માસક્ષમણ (૩૦ ઉપવાસ), ૧૧ ઉપવાસ, ૯ ઉપવાસ, બે વખત ક્ષીર સમુદ્ર (૭ સળંગ ઉપવાસ પછી ૧ ખીરનું એકાસણું) અને ૪ વખત અઠાઈ કરી.


**પુજારી જોઈએ છે.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - ગદગ સંચાલિત દેરાસરમાં પૂજારી તરીકેનું કામ સંભાળવા એક વર્ષ માટે પૂજારીની જરૂર છે. ઠરીઠામ (સેટલ) થયા બાદ નોકરી ચાલુ રાખી શકશે. ઈચ્છા ધરાવનાને નીચેનાં સરનામે ફોટા સાથે અરજી કરવા વિનંતી.**

**Shri. K. D. O. Jain Mahajan,**
**Parshwantah Road, Gadag - 582103**
**Mobile : 09845258214 / 08861015757**
**Off : (08372) 235962**

શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


**॥જય શ્રી સચ્ચાઈ માતા॥ ॥જય શ્રી ભલારાદાદા॥**

**શ્રી ભલારા દાદા તથા**
**શ્રી સચ્ચાઈમાતાજીને મોટી વરંડી (કચ્છ)**
**સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ.**

પુન પ્રતિષ્ઠા પછીની ચતુર્થ પહેડી રવિવાર તા. ૦૯.૦૨.૨૦૧૪ના ભાંડુપ મધ્યે સવારના ૧૦.૦૦થી ૩.૦૦ સુધી રાખેલ છે.

**પહેડીના સૌજન્ય દાતા :**

માતુશ્રી પ્રેમિલાબેન મણિલાલ પોલડીયા હસ્તે પંકજ અને વિપુલ મણિલાલ પોલડીયા પરિવાર ડુમરા (કચ્છ) - હાલ ભાંડુપ

કાર્યક્રમ : પહેડી પ્રસાદ, સભા - અહેવાલ સવંત - ૨૦૧૧ માગશર સુદ ૫ની ધ્વજા ચડાવવાનો આદેશ, રમત - ગમત (સમય અનુસાર)

**સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ૧લે માળે, અનંત સિદ્ધિ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૧૮.**

**તા.ક. સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહ કુટુંબ ભાવભર્યું આમંત્રણ છે.**

**શ્રી મણિલાલ લોડાયા** : 9322276296
**શ્રી રમેશ લોડાયા** : 9892003940
**શ્રી અનિશ શાહ** : 9833511685


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઈમ્બતુર)**

## ચિંતન પ્રકાશ

● તમારાં સંકટોનું ગાણું બધા આગળ નગાઓ...કારણ કે ૨૦ ટકા લોકોને એનાથી કોઈ ફરક પડતો નથી અને બાકીના ૮૦ ટકા લોકો એ જાણી ખુશ થાય છે.

● જીવન બોક્સિંગની રમત જેવું છે. તમે પડી જાઓ ત્યારે હાર મળેલી જાહેર થતી નથી, પણ તમે પડી ગયા પછી ફરી ઊભા ન થાઓ ત્યારે જાહેર થાય છે.

● જીવનમાં હંમેશા ખોટા માણસો જ સાચા પાઠ શીખવે છે!

● દરેક વસ્તુની મહત્તા બે સમયે સમજાય છેઃ

૧. એને મેળવ્યા પહેલાં અને ૨. એને ગુમાવ્યા બાદ!

બે વસ્તુઓ જીવનમાં સુખ અને સફળતા આપે છે.

૧. જ્યારે તમારી પાસે કંઈ જ ન હોય ત્યારે તમે કઈ રીતે ચલાવો છો અને

૨. જ્યારે તમારી પાસે બધું જ હોય ત્યારે તમે કઈ રીતે વર્તો છો!

● જગતમાં બે સ્થળોએ હોવું સૌથી અગત્યનું છેઃ

૧. કોઈકના વિચારોમાં ૨. કોઈકની પ્રાર્થનામાં

● જીવનમાં થોડા-થોડા સમયે ચકાસતાં રહેવું જરૂરી છે કે જે ચીજો તમે પૈસાથી કદી ખરીદી શકવાના નથી એ તમે ગુમાવી નથીને!

● જ્યાં સુધી આપણે એ લોકોને માફ નથી કરતા જેમણે આપણને દુઃખી કર્યા હોય, ત્યાં સુધી તેઓ આપણા મનમાં ભાડું ભર્યા વગર મફતની જગ્યા રોકે છે!

● તમે જાણો છો ભગવાને આપણને બીજાઓનાં મન વાચી શકવાની ક્ષમતા કેમ નથી આપી? જેથી આપણે કોઈક પર વિશ્વાસ મૂકી શકીએ અને કોઈક આપણામાં વિશ્વાસ મૂકી શકે.

● મેં ઈશ્વરને પૂછયું : જો બધું નસીબમાં લખેલું જ હોય તો મારે પ્રાર્થના શા માટે કરવી જોઈએ? ઈશ્વરે હસીને જવાબ આપ્યો : મેં સાથે એમ પણ લખ્યું હોય છે - શરતો લાગુ!

● જગતમાં કોઈને સત્ય બોલવાનો ડર લાગતો નથી, પણ એ સત્ય બોલ્યા બાદ આવનારા પરિણામનો સામનો કરવાથી બધા ડરે છે!

● ગુસ્સે થવું એટલે બીજાઓની ભૂલ માટે તમારી જાતને સજા આપવી.

● વિશ્વાસ સ્ટિકર જેવો હોય છે. એક વાર સ્ટિકરને ઉખાડી લીધા બાદ ફરી પાછું ચોંટાડી તો શકાય, પણ એનમાં પહેલાં જેવી મજબૂતાઈથી ચોંટાડવાની ક્ષમતા જતી રહે છે.

● સંબંધોની હંમેશા જાળવણી કરવી જોઈએ.

● લોકોને ક્યારેય દલીલો કરીને ન જીતો, તમારા સ્મિતથી જીતો! કારણ કે જે લોકોને તમારી સાથે દલીલબાજીમાં ઊતરવું છે તેમનાથી તમારું મૌન સહન થતું નથી.

● શરત વિના સ્મિત કરો, ધ્યેય વગર ચાલો, કારણ વગર આપો, અપેક્ષાઓ વગર કાળજી લો. આ કોઈ પણ સંબંધોનાં સુંદર લક્ષણો છે.

● આપણે ઉત્તર આપવા માટે નહિ બલ્કે સમજવા માટે સાંભળવું જોઈએ..

### જખૌ - ઓખાના દરિયાઈ વિસ્તારમાં તેલ સંશોધન શરૂ

કચ્છના અખાતમાં ભરપૂર માત્રામાં ખનિજ સંપત્તિ હોય, તેવી શકયતાઓ છે, ૨૩ ડિસેમ્બરથી કચ્છના અખાતની સામે તેલ સંશોધન કાર્યનો આરંભ થયો છે. આનાથી કચ્છના વિકાસનો નવો અધ્યાય શરૂ થશે.

### જાણો તમારા સમસ્ત પરિવારની માહિતીઓ ૮માં વસ્તિપત્રક દ્વારા

ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું આઠમું વસ્તિપત્રક તૈયાર થવામાં છે. છેલ્લી ઘડીએ પણ જે કાંઈ સુચન કે સુધારા કરવા હોય તો તેની આ છેલ્લી તક છે. આ અંગે માહિતીઓ આપવા તેમજ Android ફોન પર દરરોજ વિગતો મેળવવા ક.દ.ઓ. ટ્રેડફેરમાં વસ્તી પત્રકના સ્ટોલનો જરૂરથી સંપર્ક કરવો. સ્ટોલ પરથી વસ્તિપત્રક વેબસાઈટ અંગેની વિશેષ માહિતી મેળવવા જાતે સંપર્ક કરી એનો લાભ લેશોજી.




## સામાજીક સુરક્ષા

આપણી સામાજીક સુરક્ષા સ્કિમ ઘણીજ સારી છે. જ્ઞાતિ માટે ઉપયોગી નીવડી છે અને આ સ્કીમમાં ઘણાજ સભ્યો થવાના બાકી છે. તેમને સભ્ય થવાથી કદાચ પોતાને લાભ નહીં થાય પણ તેમના જોડાવાથી બીજા જ્ઞાતિ બંધુઓને સારો લાભ મળશે...આ માટે દરેક ગામના મહાજનો મહેનત કરે તો ઘણાજ મેમ્બર બની શકે તેમ છે. ગયે વરસે એક જ્ઞાતિ ભાઈએ બધાની એકસીડેન્ટ પોલીસ કઢાવી તેવીજ રીતે જે સામાજીક સુરક્ષામાં મેમ્બર બનાવ્યા હોત તો. પેશા સમાજમાં કામ આવી શક્ત લગભગ ૭૦૦૦ મેમ્બર નવા બની શક્ત. કચ્છમાં દાદા ભલારા એજન્સીએ બીંડુ ઝડપી ગાંધીધામ, આદિપુર, અતરજાળ, ભુજ માટે ટહેલ નાખેલ છે. આવી રીતે મુંબઈમાં કોઈ તૈયાર થાય તો ઘણાજ મેમ્બર બની શકે તેમ છે. જ્ઞાતિના પૈસે જ્ઞાતિને જલાભ થાય તેમ છે.

ફક્ત દરેક મેમ્બર પોતાની રકમ રૂા. ૨૨૦૦ પોતાના ઘરે રાખવાનો બદલે સમાજના લાભ માટે આપ છે. તે પણ સમય ૫૫ વરસ પુરાં થાય તરે તે રક્કમ પુરે પુરી પાછી મળી જાય તેમછે આવી રીતે કોઈ પણ વીમા કમ્પની લાભ આપતી નથી. આ સ્કિમ કોઈ પણ સમાજ આ જ્ઞાતિમાં નહીં હોય એવું મારુ માનવું છે.

આજના સમયમાં ખોરાકીમાં ભેળશેળ ખુબજ વધીગઈ છે. તેમજ જે પણ ખાવાનું મળે છે તેનાથી પણ બીમારીઓ વધી છે તેમજ વાહનો પણ ખુબ વધ્યાં છે, જેનાથી પ્રદુષણ વધ્યું છે તેમજ એકસીડેન્ટ વધ્યાં છે. તે જોઈને આ સ્કીમ આપણા માટે ઘણી સારી છે. જે એક વખત ભરી છુટા જવાનું છે. આખરે એ પણ રક્કમ પાછી મળે છે. તો જ્ઞાતિબંધુઓને વિનંતી જરૂરથી પોતાનું હિત સમજ જરૂરજી આ સ્કીમમાં જોડાઓ.

***મેઘજી માણેકજી પોલડીયા*** -
નાગપુર તા. ૫.૧.૨૦૧૪

## મોટી સિંધોડી જિનાલયની પ્રતિકૃતિ સમ મુલુંડમાં દેરાસર

શ્રી સુમતિનાથ જિનાલય મુલુંડ પશ્ચિમના પદમાવતી નગરમાં વસેલું છે. બે પ્રવેશદ્વારો છે. ડમ્પીંગ રોડના પ્રવેશેથી પોતાના વાહન કે બસથી પહોંચવું સરળ બની રહે છે. બીજું પ્રવેશદ્વાર સરોજની નાયડુ રોડથી આવેલું છે. આ પ્રવેશદ્વારથી પદમાવતી નગરમાં વાહનદ્વારા પ્રવેશ હિતકારી નથી.

આ જિનાલય મને હંમેંશા કચ્છ અબડાસાના મોટી સિધોડી ગામના નેમિનાથ જિનાલયની યાદ અપાવેછે. શ્રી સમુતિનાથ જિનાલય, શિખરબંધ છે. ગંભારા અને ગોખલામાં આરસની શ્વેતવર્ણી સ્ફટિકની મુર્તિઓ બિરાજમાન છે. તે સાથે શ્રી મણીભદ્ર દેવ, પદમાવતી દેવી, શ્રી મહાલક્ષ્મી, શ્રી સરસ્વતી દેવી, શ્રી ઘંટાકરણ મહાવીર અને શ્રી નાકોડા ભૈરવજી બિરાજમાન છે. દેરાસરની પરિક્રમા બહારથી થાય છે. સમસ્ત પરિસર આરસજડીત છે. દેરાસર ભોંયસંગ બાધેલું છે દાદરાઓની કડાકુટ નથી. દર્શન પુજા કરવાની સ્વયંભુ ઈચ્છા થવી સ્વાભાવિક છે.

મોટી પુજા, જાપ અનુષ્ઠાન આ સામાજિક માટે ઉપાશ્રયની સગવડતા છે. પૂજારી સ્ટાફ વિનય વિવેકી અને અધિકારી વર્ગ સહકાર આપનાર છે.

અનુકુળતા હોય તો અહીંની મુલાકાત લેવા જેવી છે. આકાશને સ્પર્શવા મથતી નળિયેરીના ઝુંડથી પરિપુર્ણ બે સ્થાપિત જિનાલયને કુદરતી સૌંદર્યની અનુપમ બક્ષીસ મળેલ છે.

***- કાંતિલાલ કેશવજી મોતા,***
મુલુંડ તા. ૨૫.૧૨.૧૩

### શુદ્ધ લખવાના આગ્રહી બનોએ

૧. મિચ્છા મિ દુક્કડં (ખોડો મ્ ન લખાય), ૨. છ'રી પાલક યાત્રા સંઘ ૩. વેયાવચ્ચ, ૪. ગુરુદેવ ૫. પંચાહ્નિક - અષ્ટાહ્નિક - મહોત્સવ ૬. આદીશ્વર, ૭. સૂરીશ્વર, ૮. અરિહંત, ૯. અજિતનાથ ૧૦. જિનાલય, ૧૧. દીક્ષા, ૧૨. બહેન ૧૩. જય જિનેન્દ્ર, ૧૪. માતુશ્રી ૧૫. સહસ્ત્રફણા પાર્શ્વનાથ, ૧૬ દરેક બાઈ - બહેન, ૧૭. સર્વ ભાઈ - બહેનો, ૧૮. વીરૂ જન્મ - કલ્યાણક, ૧૯. અમારું, તમારું, મારું, તારું, ગુગુવાર, ૨૦. જૈનં જયતિ શાસનમ્

***- મુનિ હિત વિજય,*** (કલ્યાણ માંથી સાભાર)

## સમાચાર

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કલીકટમાં પોષ દસમી સમૂહ અઠ્ઠમ

શ્રી કલુકુંડ પાર્શ્વનાથ (કલીકટ)ની છત્ર છાયામાં માતુશ્રી વિમલાબેન છનાલાલ ચીમનલાલ શાહ - ઉંઝાવળા તરફથી પોષ દસમી નિમિત્તે તા. ૨ ડીસેમ્બરના સમૂહ અહમ આરાધનાનું આયોજન કરવામાં આવ્યું. જેના પારણા રવિવારના ૨૯-૧૨-૧૩ના થયા.

### આકોલા ગાંધીધામ ટ્રેન

આકોલાથી ગાંધીધામ માટે ૩.૧.૨૦૧૪ ટ્રેન શરૂ થઈ છે. જે વિશાખાપટ્ટમ ગાંધીધામ એક્સપ્રેસ છે. ટ્રેન નં. 18501 શુક્રવારના આકોલાથી બપારના ૧૩.૩૦ના રવાના થઈ શનિવારના સવારમાં ૯.૫૦ કલાકે ગાંધીધામ પહોંચશે. ગાંધીધામથી રવિવારના રાતના ૨૨.૪૫ રવાના થશે, તે આકોલા સાંજના ૧૭.૧૫ના પહોચશે. તેનો ટ્રેન નં. 18502 છે, આ ટ્રેન શરૂ થવાથી આકોલાના તથા આજુબાજુના મુર્તીજાપુર, કારંજા, આકોટ, મલકાપૂર આદિ શહેરોના જ્ઞાતિજનોને લાભ મલશે.

### અમરાવતી મહિલા મંચની મીટીંગ

અમરાવતી મહિલા મંચની મીટીંગ અસૌ. દમયંતીબેન ધરમશીના ઘરે પ્રમુખ શ્રી વિમલાબેન શામજી છેડાના અધ્યક્ષપદે યોજાઈ હતી. જલગામ મધે મહારાષ્ટ્ર અકેમની મીટીંગની સર્વે વિગતોની માહિતી ભાગ લેવા ગયેલ લોકોએ રજુ કરી. અહીની બહેનોએ ત્યાં નાટક રજુ કરેલ. ચી. રિતા મનીષ દંડ (તેરા)એ નૃત્ય પ્રસ્તુત કરેલ. બધા નાટક અને નૃત્યોને શ્રીમાન તીલોકચંદભાઈ દંડ મલકાપૂર દ્વારા ઈનામો અપાયા હતા.

અ. સૌ. તોરલબેન ભરતભાઈ મહેતા (શ્રીમતી વિમલાબેન છેડાના સુપુત્રી) નો લગ્ન દિવસ ઉજવાયો.

અ. સૌ. વિશાલબેન પવનકુમાર ધરમશીએ એક મીનીટ ધાર્મિક ગેમ રાખેલ. જેમાં ગં.સ્વ. ધનલક્ષ્મીબેન નાગડા વિજયી થયા હતા. જૈન શોશયલ ગ્રુપએ જૈન વાનગી સ્પર્ધા રાખેલ, જેમાં અ સૌ નીતિ પુર્વેશ મોતા વિજયી થયા હતા તેમને ઈનામો આપેલ. આભાર વિધિ અ.સૌ. ચેતનાબેન કૈલાશભાઈ મોતાએ કરી.

### જખોના જ્ઞાતિજનોનું સ્નેહ મિલન

જખૌ મહાજનનું સ્નેહમિલન ૨૨ ડિસેમ્બરના ભાંડુપ ખાતે ધામ ધુમથી ઉજવાયું. સમારંભ વિશેષરૂપે શ્રી પિયુષભાઈ નાગડાએ પ્રોગામની શોભા વધારી. જાખૌ ગામનું ગૌરવ વધારનાર ખ્યાતી ધરમશી, શ્રીમતી ચેતનાબેન મોમાયા ડો. રાહુલ નાગડા નું વ્યક્તિ વિશેષ રૂપે બહુમાન કરવામાં આવેલ. નાના બાળકોએ સરસ સાંસ્કૃતિક ડાંસ - પ્રોગ્રામ આપેલ.

જખૌ મહાજના પ્રમુખશ્રી ભરતભાઈ જીવાણીએ બધાને આવકારતા માહિતી આપી કે જખૌ તિર્થ છેલ્લા બે વર્ષથી પંચતિર્થીઓમાં પ્રથમ નંબરે આવી રહ્યું છે. જેનો સંપુર્ણ શ્રેય તેમની ટીમ તથા દાતાશ્રીનો અને ખાસ નિયાણી બહેનોને હતો. છેલા બેવર્ષમાં તિર્થમાં ૨૦ લાખની રેકોર્ડ આવક થયી છે. પાંચ વર્ષના કાર્યક્રમમાં તિર્થની એફડીઓ એક કરોડ થશે તેવી આશા વ્યક્ત કરી તેમણે ભાવિ જરૂરતોની વાત કરતા કહ્યું સ્થાનિકે અદ્યતાન સુવિધાઓવાળા અતિથીગૃહની તત્કાલ જરૂરત છે. દવાખાનું, કોમ્પયુટર કલાસ ચાલુ કરવા મહાજન પ્રયત્ન ચાલુ છે. આ વર્ષે જખૌ પર્યુષણની વીડીઓ - ડીવીડી બનાવી એક નવું નજરાણું આપેલ છે.

### ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ

ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ દ્વારા તા. ૨૮-૧૨-૧૩ના રીવર ફ્રન્ટ પાર્કમાં દાબરા પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. બધી બહેનોએ વિવિધ પ્રકારની વાનગીઓ આણેલી, તેની મજા માણી. શ્રીમતી લક્ષ્મી પ્રિતેશ દંડ નિહારીકા સંજય છેડાએ ગ્રુપ ગેમ રમાડી. ફ્રટ થીમ ઉપર ગેમમાં પાચ રાઉન્ડ હતા અને ૫ ગ્રુપ બનાવામાં આવ્યા હતા.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને તેમના માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતાપુર્વક ચાલે છે. ટ્રસ્ટ દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતાઓના નામ **(કાયમતિથીના નામ)** : ૧. મણિલાલ હંસરાજ ભઠારા (હસ્તે રૂપમભાઈ ભઠારા ઘાટકોપર) ૨. મણિલાલ દામજી ધુલ્લા (હસ્તે નયના અશોક લાપસિયા - મુલુન્ડ) ૩. શા. શામજી મુલજી પોલડિયા (પારોલા), ૫. નવલબાઈ દામજી ધરમશી (વરલી), ૫. ડુંગરશી ધનજી દંડ (હુબલી), ૬. રાજેશ શિવજી નરશી પોલડિયા (બેંગકોક), ૭. પ્રદિપ ઉમરશી મેપાણી (હસ્તે ઉમરશી શામજી મેપાણી - વડાલા), ૮. ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), ૯. મિતા હિરાચંદ શાહ (હસ્તે રતનબાઈ પોલડીયા - ચાલિસગામ), ૧૦. નવલબાઈ દેવજી પોલડીયા (ચાલીસગામ), ૧૧. અનંતનાથ સ્નાત્ર મંડળ (અનંતનાથ દેરાસર - મુંબઈ),

એક બુધવારનો નકરો અપનાર દાતા : વર્ષા નિતીન કુરવા (ગોધરા), જયેશ કુલીનકાંત ખોના (કોચીન), યશ અખિલ વિનોદ મોમાયા (વરાડિયા), પ્રિયંકા દિનેશ લોડાયા (ધાવણગિરિ)

## સ્વયંસિધ્ધા આંખો તપાસણી કેમ્પનું આયોજન

G. V. C. લેડીસ વિંગ દ્વારા શુક્રવાર તા. ૧૦.૦૧.૨૦૧૪ ના આંખોની તપાસણીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે માત્ર લેડિસ વીંગના સભ્યો માટે જ હતું. આ કેમ્પનો લાભ લગભગ ૧૩૦ સભ્યોએ લીધો હતો.

મુંબઈના પ્રસિધ્ધ Eyes Specialist ડો. નીતીન દેઢિયાની ટીમે સેવા આપી હતી. રજીસ્ટ્રેશનનું કામ લીના લોડાયા, રાજશ્રી પોલડિયા, તેમજ શોભા લોડાયાએ સંભાળેલ. ડોક્ટર તેમજ તેમના સ્ટાફના અન્ય લોકોના જમવાની વ્યવસ્થા લત્તાબેન કુરવાએ સભાળેલ.

આ કેમ્પનો સંપુર્ણ ખર્ચ એક શુભેચ્છુક દાતા તરફથી સંસ્થાને મળેલ છે.

## શ્રી મોમાઈમા નાગડા પરિવાર યુવક મંડળ - રંગપુર માતાજીની પહેડી

ગામ રંગપુર સ્થાને બિરાજમાન નાગડા કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની દ્વિતીય સમુહ પહેડી રવિવાર તા. ૫-૧-૨૦૧૪ ના રોજ શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ (વેસ્ટ) મધ્યે યોજવામાં આવેલ.

## આદિપુરના નાકોડા નગરે અઠમ તપની આરાધના અને ચારગતિ અનુષ્ઠાન

શ્રી અચલગચ્છ સંપ્રદાયના પ. પૂ. મુનિરાજ શ્રી મલયસાગરજી મ.સા. તેમજ પ. પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા. તથા સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ની નિશ્રામાં પોષી દશમ અઠમતપની આરાધના તેમજ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન નાકોડા નગર, આદિપુર મધ્યે યોજવામાં આવેલ. પ. પૂ. સાધુ ભગવંતો નાકોડ નગરે પધારતાં તેમજ દર વર્ષે અઠમતપની આરાધના માટે શંખેશ્વરથી શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની મૂર્તિ નિશ્રા આપવા પધારતા નાકોડા નગરના ભાઈ બહેનોએ સામૈયું કરેલ અને નાકોડા નગરે આરાધના મંદિર ઊભું કરતાં તેમાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ વાજતે ગાજતે બિરાજમાન કરેલ મંદિર ઉપરે ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી દેવકાંબેન હંસરાજભાઈ મોતા પરિવાર હ. કાંતીલાલભાઈ મોતાએ લીધેલ.

પ. પૂ. મુનિશ્રી મલયસાગરજી મ.સા. તથા પ.પૂ. મુનિ રત્નાકર મ.સા. એ માંગલિક સંભળાવી અઠમતપની આરાધના વિશેની વિસ્તૃત સમજણ આપેલ. શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપૂર્વક નાકોડા નગરથી શંખેશ્વર સુધીની ભાવયાત્રા કરાવેલ. તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ અને મનુષ્યગતિની સમજણ આપી કરેલ પાપોની ક્ષમા માંગી મોક્ષે જવાનો રસ્તો સરળ બનાવેલ. યાત્રા દરમ્યાન રત્નાકર પચ્ચિસીની ગાથાઓ સામેલ કરી ભાવવિભોર બની હૃદયમાંથી સકળ સંઘે સૂરો રેલાવી યાત્રાને ગાજતી કરેલ.

મનસુખભાઈ શેઠ તેમજ હિરેનભાઈ બારોટે સુંદર કંઠ દ્વારા સ્તવનો ગાઈ ભાવયાત્રામાં અનેરો રંગ લાવેલ.

યાત્રા પૂર્ણ થતાં શ્રી નાકોડા નગર જૈન સંઘના અધીકારીઓ તરફથી ભાવયાત્રા કરાવવા બદલ શ્રી કિશોરભાઈ સાંયાનું તેમજ શ્રી મનસુખબાઈ શેઠનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કરી બન્નને શાલ અર્પણ કરેલ.

પાર્શ્વનાથનું જન્મકલ્યાણક પ.પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા. સમજણપૂર્વક સમજાવેલ નવકાર મંત્રનું જાપ રાખવામાં આવેલ. ત્રીજા દિવસે સવારે દીક્ષા મહોત્સવ કલ્યાણક વ્યાખ્યાન વાણીમાં મુનિરાજોએ વિસ્તૃત સમજણ આપી અરિહંત વંદના સંગીતકાર શ્રી હીરેન બારોટે સંગીત સાથે વંદના કરાવેલ.

ત્રણેય દિવસ વ્યાખ્યાન વાણીમાં અને બપોરે અનુષ્ઠાનમાં જુદા જુદા ભાવિકો તરફથી પ્રભાવના રાખવામા આવેલ. તપસ્વીઓના પ્રભાવના આપવાનો લાભ પૂંજ પરિવારે લીધેલ. પારણાંનો લાભ ચાંગડાઈના હાલે ગાંધીધામ વસતા શ્રીયુત શ્રી પ્રવીણભાઈ નાગડાએ લીધેલ. અઠમતપની આરાધનામાં નાકોડા નગરના પ્રમુખશ્રી ટ્રસ્ટી શ્રી પ્રભુભાઈ સંઘવી, કાંતીલાલભાઈ મોતા, મનસુખભાઈ પૂંજ, અનીલભાઈ નાગડા, મુકેશભાઈ ગાંધી તેમજ સર્વે ભાવિકોએ જહેમત ઉઠાવેલ હતી.

## મુનિશ્રી દેવરત્નસાગરજી મહારાજ સાહેબ આદિ ઠાણા કલીકટ નગરે

કોયમ્બટુરથી મુનિશ્રી દેવરત્નસાગરજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૬ ના સંગાથે ૧૪૦ યાત્રિક છરી પાલિત સંઘ ૨૩.૧૧ ના રવાના થઈ ૬.૧૨.૧૩ સવારના અત્રે કલીકુંડ પાર્શ્વનાથ દાદાના દરબારે પધારેલ. સંઘ દ્વારા વાજતે ગાજતે સામૈયુ થયું.

રોજ સવારના વ્યાખ્યાનમાં શ્રાવક-શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં હાજરી આપતા હતા. ૧૫ દિવસ બાળકોની શિબિર ચાલુ રહી અને બાળકોએ સારો લાભ લીધેલ. રોજ રાત્રીના ધાર્મિક ચર્ચામાં બહોળી સંખ્યામાં હાજરી રહી.

કલીકટ વગરે ૨૫ દિવસના રોકાણ દરમ્યાન બધાજ કાર્યક્રમોમાં સારી હાજરી રહી. મહારાજ સાહેબને વંદન કરવા ગામે ગામથી શ્રાવક - શ્રાવિકાઓ નિત્ય આવતા રહ્યા. પોષ દસમીની આરાધનામાં ૩ દિવસની સામુહિક અઠ્ઠમ ૨૬.૧૨ થી ૨૮.૧૨.૧૩ સુધી કરાવવામાં આવેલ, જેમાં ૯૦ જણાએ ભાગ લીધેલ. સાથે એકાસણા પણ થયા. અઠ્ઠમ તપ કરવા મુંબઈ, બેંગલોર, કોઈમ્બતુર, અલપઈ, બડગરા, તીરપુર વિગેરથી શ્રાવક - શ્રાવિકાઓ સારી સંખ્યામાં પધારેલ.

અઠ્ઠમ અને પારણા શ્રીમતી વિમલાબેન ધન્નાલાલ શાહ ઉંઝાવાળા પરિવારે કરાવેલ. અઠ્ઠમ કરનાર બધાને સંઘ તરફથી ફાળો રૂ. ૧૨૫૧ની પ્રભાવના કરવામાં આવેલ. અઠ્ઠમનું વિશેષ આર્કષન ૬ વર્ષના જોડકા બંધુ અંશ અને અનુજ (સૌ. હીરલ મનીષ લખમશી જૈનના બાળકો) રહ્યા, જમણે આટલી નાની વયે નિર્વિઘ્ને અઠ્ઠમ કરેલ.

મહારાજ સાહેબો ઠાણા ૬ સાથે તા. ૧.૧.૧૪ના મુંબઈ તરફ પ્રયાણ કરેલ.

## ગદગમાં શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણક

ગદગમાં શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક - પોષ દશમી - નિમિત્તે માગશર વદ ૯ થી માગશર વદ ૧૧ તા. ૨૬.૧૨ થી તા. ૧૮.૧૨.૧૩ સુધી ત્રિદીવસીય મહોત્સવ મહાજનશ્રીનાં નેજા હેઠળ શ્રી પુણ્ય ગુણ સમૂહ સામાયિક મંડળ તથા શ્રી સ્નાત્રમંડળનાં આયોજનમાં ઉજવવામાં આવ્યો હતો.

ત્રણે દિવસ સવારના ૯ થી સાંજના ૬ સુધી અખંડ જાપનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૭.૧૨.૧૩ના મહાજનશ્રી તરફથી (કાયમી) શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. ત્રણે દિવસ પ્રભુજીની આંગી રચવામા આવી હતી.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા કચ્છમાં ૬૪ પરિવારોને અનાજ વિતરણ કરાયું

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી કચ્છમાં સમાજનાં પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવેલ.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈનાં અધ્યક્ષ શ્રી જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલનાં માર્ગદર્શન હેઠળ વિતરણ વ્યવસ્થા શ્રી કિરણ દંડ, પ્રબોધ મુનવર, વિપુલ પટેલ, ભદ્રિકભાઈ મૈશેરી, અરવિંદ લોડાયા, સોમચંદ નાગડા, કુસુમકાન્ત લાલકા, હેમંત મોતા, પંકજ દંડ, ભુપેન્દ્ર ડાઘા, મુકેશ દંડ, રાજેશ દંડ, હિતેશ પટેલ, મહેશ નાગડા, જયેશ લોડાયાએ સંભાળી હતી. ગ્રુપનાં આ કાર્યકરોએ સમાજનાં કચ્છમાં ૭૦ ઘરે જઈ રોજિંદા વપરાશની વસ્તુઓ, અનાજ અને કપડા હાથોહાથ અર્પણ કર્યા હતા. જિનાલયોમાં ઉપકરણ કીટ અપાઈ હતી. માંડવી જૈન આશ્રમનાં આશ્રિતોને જરૂરી વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલી તીર્થે ભવ્ય ચાતુર્માસ

હુબલી તીર્થાધિપતિ શ્રી અજિતનાથદાદાના સનિધ્યે પ. પુ. સાધ્વીશ્રીજી સમયગુણા શ્રીજી મ. સા અને પ. પૂ. સાધ્વીશ્રીજી શ્રુતગણાશ્રીજી મ. સ.ા નો. ચાતુર્માસ પ્રવેશ તા. ૧૯-૦૭-૨૦૧૩ના થયો.

સાંકળી આયંબિલ અને ઉપવાસની આરાધના થઈ. દરરોજ સવારના પુજ્યશ્રીની વ્યાખ્યાન વાણી ભક્તામર સ્તોત્રનૂ પઠન, ધાર્મિક શિબિરો, ધાર્મિક પ્રશ્ન પત્રો, રાત્રે આંગી રચના અને ભક્તિ ભાવનામા બહોળી સંખ્યામાં સંઘના ભાઈ - બહેનો ભાગ લેતા હતા. શ્રાવકના એકવીસ ગુણ અને સાગરદત્ત ચરિત્ર વંચાયું હતું. શ્રુતજ્ઞાન તપ ની આરાધના થઈ. નવકારમંત્રના નવ એકાસણા, શ્રી નેમનાથ ભગવાનના જન્મ - દિક્ષા કલ્યાણક નિમિત્તે અઠ્ઠમ તપની આરાધના અને વંદનાવલી, શ્રી મહાવીરસ્વામીના અગ્યાર ગણધરના અગ્યાર દિવસના એકાસણા, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાયના વર્ણના દ્રવ્યોના એકાસણા, ખીર એકાસણા, દીપક એકાસણા, નીવી, બે દ્રવ્યોના એકાસણા, અને અક્ષયનિધિ તપ, સમવસરણ તપની તપસ્યાઓ પણ થઈ. સંઘના રસોડે થતા એકાસણા અને બિયાસણા કરાવવાનો લાભ ઘણા દાતા પરિવારોએ લીધેલ.

પ. પૂ. આચાર્યભગવંત શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મતિથી નિમિત્તે ઉપવાસ અને દેશાવગાસિક સામયિક રાખવામાં આવેલ. એકવીસ દિવસ શ્રી વિમલનાથ ભગવાનના જાપ કરાવવામાં આવેલ. જાપમાં ભાગ લેનાર પરિવારને શ્રી વિમલનાથ ભગવાન ભગવાનની પ્રતિમાજી અને લાલવર્ણની માળા શ્રીમતી વિજયાબાઈ દામજી છેડા પરિવાર તરફથી ભેટ આપવામાં આવેલ. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની. પુજા અને અચલગચ્છ અધિષ્ઠાઈકા દેવી શ્રી મહાકાલી માતાજીની પુજા, દિપાવલીના જાપ અને શ્રી ગૌતમ સ્વામીની રાસ, જ્ઞાન પાંચમના એકાવન ખમાસણા સાથે જ્ઞાન તપની આરાધના અને શ્રી સિધ્ધાચલજીના એકસો આઠ ખમાસણા સાથે ભાવયાત્રા કરાવવામાં આવેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન દરરોજ સવારના પક્ષાલ પૂજા, સ્નાત્ર પુજા, વ્યાખ્યાન વાણી, સાંજે પ્રતિક્રમણ, રાત્રે ભક્તિ ભાવના એમ દરેક કાર્યક્રમોમાં સંઘના સહુ ઉત્સાહપુર્વક ભાગ લેતા હતા. શ્રી કલ્પસુત્ર પોથીજી પધરાવવાનો લહાવો શા હેમરાજ કાનજી મોમાયા પરિવારે લીધેલ. શ્રી કલ્પસુત્ર પોથીજીનો વરઘોડો ચાંદીના રથ હાથી, ઘોડા, બેન્ડ બાજા અને સકળ સંઘના સાથે


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

શાસનની પ્રભાવના કરતા શ્રી દહેરાસરજીએ વિરામ પામ્યો. ભાદરવા સુદ ૨ ના દિવસે ૧૪ મંગલ સ્વપ્નાને દર્શન, ઝુલાવવાનું ઘૃતની બોલીઓ અને શ્રી મહાવીર પ્રભુના પારણાના ઘૃતની બોલીઓ બોલાવેલ. સ્વપ્નાનું કુલ ઘૃત મણ ૫૫૬૭૧૩મણ થયેલ. શ્રી વીરૂ પ્રભુજીનું પારણું શ્રીમતી મણીબાઈ ટોકરસી હીરજી સાવલા પરિવારે પધરાવેલ રાતના બીજની ભવ્ય આંગી રચવામાં આવેલ જેનો લાભ સા લખમશી લધ્ધા નાગડા પરિવારે લીધેલ.

શ્રી અક્ષયનિધી પોથી પધરાવવાનું લ્હાવો. શા કરમચંદ આણંદજી વિકમશી પરિવારે આદેશ લીધેલ. ભાદરવા સુદ ૪ ના તપસ્યા કરનાર ભાગ્યશાળીઓનું બહુમાન શ્રી સંઘ તરફથી કરવામાં આવેલ. તપસ્યા કરનાર માં ૩ તપસ્વી માસક્ષમણના ૭ તપસ્વી સોળભત્તાના ૨૭ તપસ્વી અઠઠાઈ તપ કરાનર તેમજ છઠઠ - અઠઠમ કરનાર તપસ્વીઓની સંખ્યા પણ સારી હતી. સંવત્સરીના દિવસે શ્રી બારસા સુત્રનું વાંચન થયેલ અને સાંજના સાંવત્સરિક પ્રતિક્રમણ કરીને બધાએ મિચ્છા મિ દુક્કડમ કરેલ. ભાદરવા સુદના સવારના દહેરસરજીના દ્વાર ઉદઘાટન થયેલ. મેફેર ઓડિટોરિયમ મધ્યે તપસ્વીઓના પારણા અને સંઘ નવકારશી નારાણજી કાનજી પરિવાર અને શ્રીમતી મણીબાઈ ટોકરશી સાવલા પરિવાર તરફથી કરાવવામાં આવેલ. શ્રી વીર પ્રભુજીના પારણાનો અને શ્રી અક્ષયનિધિ પોથીનો વરઘોડો શ્રી નારણજી કાનજી સભાગૃહ મધ્યે વિરામેલ. જ્યાં સમુહ ક્ષમાપના, શ્રી હુબલી સંઘના જે સંગીત બેલડીના નામે પ્રખ્યાત એવા શ્રી જયંત લક્ષ્મીચંદ નાગડા અને શ્રી પ્રવિણ ખીમજી મોમાયા નું બહુમાન શ્રી સંઘ દ્વારા કરવામાં આવેલ. દર વર્ષની જેમ સ્વ. શા વીરચંદ શીવજી ખોના અને સ્વ. શા દામઝી જાદવજી છેડા શૈક્ષણિક યોજના હેઠળ દસમી અને એથી વધારે ભણેલ વિદ્યાર્થીઓને પારિતોષિક આપી સન્માનવામાં

## શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ

શ્રી કોઠારા સાર્વજનિક દવાખાનાની સ્થાપના ૧૯૬૬માં થઈ. અત્યારે ૪૭માં વર્ષે મોંઘવારીના કપરા સમયમાં પણ ફક્ત રૂા. ૨૦માં દવા અપાય છે.

ઓ.પી.ડીમાં નિષ્ણાંત ડોક્ટર દર્દીને તપાસીને દવા આપે છે. પેથોલોજી વિભાગમાં સરકાર માન્ય પેથોલોજીસ્ટ મામુલી દરે બ્લડ યુરીન વગેરે તપાસી આપે છે. એક્ષરે વિભાગમાં કિફાયતી દરે એક્ષરે કાઢી આપવામાં આવે છે. તે સીરીયસ પેશન્ટને ભુજ કે માંડવીની હોસ્પિટલમાં દાખલ કરવા એમ્બ્યુલન્સની સેવાપણ ઉપલબ્ધ છે.

અત્યારે મોંઘવારીના સમયમાં વધેલા દવાના ભાવો અને વધેલ વહીવટી ખર્ચને પહોંચી વળવા દવાખાના માટે કાયમી નિભાવ ફંડ વધારવા માટે રવિવાર તા. ૨૬.૦૧.૧૪ના સવારે ૯ થી ૧ સુધી ઘાટકોપર (ઈ)માં ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં કાર્યક્રમ રાખેલ છે. દાન ઈન્કમટેક્સ કાયદાની કલમ હેઠળ કરમુક્ત છે. કોઠારાની આજુબાજુના ૩૦ થી ૩૫ ગામોના જરૂરીયાતવાળા વર્ગને નાતજાતના ભેદભાવ વિના સેવા આપતી આશિર્વાદરૂપ આ સંસ્થાને દાતાશ્રીઓ યથાશક્તિ ફાળો આપે એવી નમ્ર વિનંતી.

આવ્યા. શ્રી સંઘ દ્વારા શ્રી સ્વામીવાત્સલ્ય મેફેર ઓડિટોરીયમા રાખવામાં આવેલ. ચૈત્ય પરિપાટી રુપે હુબલીના સર્વે જિનાલયોના દર્શનાર્થે બસ દ્વારા ગયેલ. જેનું આયોજન શ્રીમતી ઈંદુબાઈ વીરચંદ પટેલ અને શ્રીમતી વિજયાબાઈ દામજી છેડા પરિવાર તરફથી થયેલ.

હુબલી મહાજનશ્રીના પ્રામુખ શ્રી ભરત ભાઈના માર્ગદર્શન હેઠળ તેમજ કુશળ વહીવટદાર ભરત (રાજુ) ખીમજી મોમાયા અને સહવહીવટકાર શરદ હેમરાજ મોમાયાની અથાગ મહેનત તેમજ અન્ય ટ્રસ્ટી ગણ અને સંઘના કાર્યકરોના સાથ અને સહકારથી ભવ્ય ચાતુર્માસની આરાધના બહુજ હર્ષોલ્લાસથી પુર્ણ થઈ.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

આ આઠવડિયે આપણે ફરી એક વખત પ્રજાસત્તાક દિન ઉજવશું. હજુ આપણામાંના કેટલાક કહે છે કે આપણે તો ગુલામીને જ લાયક છીએ. આવી ગુલામીની માનસિકતા છોડી અને સારા નાગરિક થવાનો પ્રયત્ન કરીએ.

\- ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**રાહુલ ખોના** — ૪૦૨, મહેશ વિદર્ભ, કોરલ હાઈટ કોમ્પલેક્સ, સુરજ વોટર પાર્ક પાસે, ઘોડ બંદર રોડ, થાણા (વે) ૪૦૦૬૦૭

**શાંતિલાલ એમ લાલકા** — ૧, અનુબંધ અપાર્ટમેન્ટ, ૧૩, ભાગિરથ કોલોની, શિવ કોલોની બસ સ્ટોપ સામે, જલગામ ૪૨૫૦૦૧ મહારાષ્ટ્ર

**દિપ્તી સોમચંદ મોમાયા** — ડી, ૨૦૩, સગુન જ્યોતી અપાર્ટમેન્ટ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સંજય ટાવર પાછળ, અમદાવાદ - ૩૮૦૦૧૫

**વિજય લાલજી ખોના** — ૨૦૩, આમંત્રણ એપાર્ટમેન્ટસ, કચેરી રોડ, પાલઘર (વેસ્ટ) જિ. થાણા, ૪૦૧ ૪૦૪

## નવા/બદલાયેલા ફોન નંબર

**રાહુલ ખોના** 09867235819 / 08108930030 **વિજય લાલજી ખોના** 09867894966 / 09404553607

**શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મુર્તી પુજક જૈન સંઘ** 02597-292449

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૯.૧૩ | કોચીન | મુસ્કાન-કોમલ/દર્શન વિરેશ ખોના | નલિયા | પુત્રી |
| ૦૭.૧૧.૧૩ | વિક્રોલી | ધીર-બીજલ/પ્રતિક ભરત નાગડા | નલિયા | પુત્ર |
| ૦૨.૧૨.૧૩ | ભુજ | નાવ્યા-નયના/દીવેશ મુલચંદ મુનવર | કોઠારા | પુત્રી |
| ૦૫.૧૨.૧૩ | કલકત્તા /રાયપુર | ધ્વજા-નિધી/જીનેશ ગીરીષ શીયાળ | જખૌ | પુત્રી |
| ૧૧.૧૨.૧૩ | ડોંબિવલી | દક્ષ-શિતલ/હર્ષ રાજેશ ધનજી ધરમશી | સાંધાણ | પુત્ર |
| ૨૦.૧૨.૧૩ | રાયચુર | હિત-પ્રિતી/ ઉજ્વલ ધરમશી | નલિયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૧૪ | સાંગલી | પ્રતિક વનરાજ રામજી લોડાયા | નાની ખાવડી | ૨૪ |
| | ડોંબિવલી | બિનલ ઉત્તમ વિરજી ડાઘા | દલતુંગી | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૨.૧૩ | અમદાવાદ | સુમિત વિસનજી મોતા | લાખણીયા | - |
| | સેંધવા | જયતી ચેતન આણંદજી લાલકા | વરાપધર | - |

### આંતર જ્ઞાતીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૧.૧૩ | થાણે | રાહુલ પ્રમોદ દામજી ખોના | જખૌ | ૩૨ |
| | થાણે | અનુજા અનંત સદાશિવ મોરે | ખેડ | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૧.૧૪ | ડોંબિવલી | હિરબાઈ શિવજી હેમરાજ ધરમશી | જસાપર | ૮૭ |
| ૧૩.૦૧.૧૪ | ગંજ બાસોદા | લક્ષ્મીચંદ હિરજી શામજી ખોના | જખૌ | ૮૨ |
| ૧૪.૦૧.૧૪ | મુલુંડ | માનકુવર લક્ષ્મીચંદ રતનશી લાલકા | વરાપધર | ૭૬ |
| ૧૫.૦૧.૧૪ | સાંગલી | ત્રિકમજી લધાભાઈ શિયાળ | દલતુંગી | ૮૫ |

## સુવિચારો

- સફળતા એટલે? જ્યારે તમારા ફોટો ફેસબુકને બદલે ગુગલ પર વધુ અપલોડ થાય!
- જીવનમાં ખાલી ખિસ્સું, ઘણી સારી વસ્તુઓ શીખવી દે છે.....
  અને ભરેલું ખિસ્સું બગડવાના ઘણા રસ્તા બતાવી દે છે.

# માસિક પુણ્યતિથિએ : માઁ તુજે સલામ



જન્મ :
૨૩.૦૯.૧૯૩૨

દેહ વિલય :
૧૩.૧૨.૧૩

## શ્રીમતી સુશીલાબેન વેલજી શામજી સોની (જખૌ -અમદાવાદ)

**સાસરીયા: શ્રી દીમુબાઈ શામજી વેરશી સોની પરિવાર (જખૌ)**

**પીયરીયા : શ્રી વેજબાઈ ભવાનજી ધનજી મોમાયા પરિવાર (જખૌ)**

જનાર તો જતા રહ્યા પલવારમાં આંખ મીચામણા... સદગુણો એમના સાંભરે,
જેમણે આ અવનિ પર અમને મનુષ્ય અવતાર આપ્યો, જેમના ખોળે ખેલ્યા,
જેમની આંગળી પકડી જગત જોતા શીખ્યા...
જેમના દ્વારા સુસંસ્કારો સાથે અમારા જીવન ઘડતર થયા
એવા અમારા જન્મદાતા, સ્નેહદાતા, અનંત ઉપકારી
માવિત્રોનો માથેથી હાથ ગયાનું વસમું દર્દ સહેતા વીતી ગયો એક માસ
જીવનમાં એમની દિવ્યતાનો પ્રકાશ માર્ગદર્શન બની રહે... અંતરના આશીષની મશાલ જલતી રહે
અમારા પરિવાર પર આપની એ ઝિંદાદિલી અમારા સૌને હૈયે અમર છે...

**આપને અમારા કોટી કોટી નમસ્કાર...**

| | | |
|---|---|---|
| પુત્ર - પુત્ર વધુ | : | શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્ર વેલજી સોની, ચિ. સચીન (અમદાવાદ) 09374736428<br>સૌ. દીપા કેતન નરેન્દ્ર લોડાયા (અમદાવાદ), સૌ. દિવ્યા કલ્પેશ મોતીચંદ લોડાયા (મુલુંડ) |
| પુત્ર - પુત્ર વધુ | : | સૌ. રમીલા નવીન વેલજી સોની, ચિ. કરુણા, પુજા, સૌરભ (અંજાર) |
| પુત્રી - જમાઈ | : | સૌ. રંજના નવીનચંદ નાગડા (શ્રી શખેશ્વરતીર્થ), સૌ. ગીતલ સૂરેશ ધરમશી (અંબડ)<br>સૌ. વૈશાલી મેહુલ ખુશાલ ખોના (આદિપુર) |
| પુત્રી - જમાઈ | : | સૌ. જ્યોતી ટોકરશી જીવરાજ લોડાયા (નાસીક)<br>સૌ. પીંકી ચંદ્રેશ લોડાયા (નાસીક), સૌ. ડોલી ગૌરવ ધરમશી (અમદાવાદ) |
| દીયરપક્ષ | : | શ્રીમતી લીલાવંતી વિશનજી સોની (ડોંબિવલી)<br>સૌ. વનીતા લહેરચંદ સોની (કાંદિવલી)<br>સૌ. ભાવના ચંદ્રેશ સોની (કાંદિવલી) - સાત બહેનો, જમાઈઓ સહ પરિવાર |
| બાપાશ્રી | : | શ્રી ધનજી ઘેલાભાઈ સોની - પાંચે દિકરીઓ જમાઈઓ સહ પરિવાર<br>(બેલ્લારી - હૂબલી - મુલુંડ -તેરા) |
| બાપાશ્રી | : | શ્રીમતી પુરબાઈ રતિલાલ ઘેલાભાઈ સોની પરિવાર, સૌ. વનિતા ખુશાલ સોની (બેંગલોર) |
| માવિતર | : | શ્રીમતી વેજબાઈ ભવાનજી ધનજી મોમાયા (જખૌ)<br>શ્રીમતી અરૂણાબેન લક્ષ્મીચંદ મોમાયા (ડોંબિવલી)<br>સૌ. સોનલ રાજેશ મોમાયા, સૌ. લીના દીપેશ મોમાયા |
| ભાઈશ્રી | : | શ્રી સોમચંદ ચત્રભોજ દંડ સહ પરિવાર (વડાલા) |
| બહેનોશ્રી | : | શ્રીમતી લક્ષ્મીબેન તેજપાર લોડાયા સહ પરિવાર (સાંયરા) |
| બહેનોશ્રી | : | શ્રીમતી કાન્તાબેન શીવજી ધરમશી સહ પરિવાર (નલીયા) |

ઋણ સ્વિકાર :અગ્નિદાહ સમયે સગા સંબંધી, સ્નેહીઓને જાણ નકરવા બદલ અફસોસ સાથે ક્ષમા.
જેમણે દુ:ખમાં ભાગીદાર થઈ ફોનથી, એસ.એમ.એસ. દ્વારા દિલાસો આપેલ તેમને ધન્યવાદ

**શ્રધ્ધા સુમન : ચંદ્રેશ, સચિન , સૌરભ**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ıday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.












## આઝાદીના પરવાનાઓની કસમ

જલતે ભી ગયે, કહતે ભી ગયે ,
આઝાદી કે પરવાને
જીના તો ઉસીકા જીના હૈ
જો મરના વતન પે જાને.

એ વતન, એ વતન, હમ કો તેરી કસમ
તેરી રાહોં મેં જાં તક લૂટા જાયેંગે
ફૂલ ક્યા ચીઝ હૈ તેર કદમોં પે હમ
ભેટ અપને સરોં કી ચઢા જાયેંગે.

કોઈ પંજાબ સે કોઈ મહારાષ્ટ્ર સે,
કોઈ યુપી સે હૈ, કોઈ બંગાલ સે
તેરી પૂજા કી થાલી મેં લાયે હૈ હમ
ફૂલ હર રંગ કે ઔર હર ડાલ સે
નામ કુછ ભી સહી, પર લગન એક હૈ
જયોત સે જ્યોત દિલકી જલા જાયેંગે

સહ ચૂકે હૈ સીતમ હમ બહોત ગૈર કે,
અબ કરેંગે હર એક વાર કા સામના...
ઝૂક સકેંગા ન અબ સરફરોશોં કા સર,
ચાહે હો ખૂની તલવાર કો સામના
સર પે બાંધે કફન હમ તો હંસતે હુએ
મૌંત કો ભી ગલે સે લગા જાયેંગે

તુ ન રોના કી તૂ હૈ ભગતસિંગ કી માં
મર કે ભી લાલ તેરા મરેગા નહિ
ઘોડી ચઢ કે તો લાતે હૈ દુલ્હન સભી
હર કર કોઈ ફાંસી ચઢેગા નહિ
ઇશ્ક આઝાદી સે આશિકોંને કિયા
દેખ લેના ઉસે હમ બ્યાહ લાયેંગે

જબ શહીદોં કી અર્થી ઊઠે ધૂમ સે
દેશવાલો તુમ આંસુ બહાના નહીં
પર મનાઓ જબ આઝાદ ભારત કા દીન
ઉસ ઘડી તુમ હમેં ભૂલ જાના નહીં
લૌટ કર આ સકે ન જહાં મેં તો ક્યા
યાદ બન કે દિલોમાં તો આ જાયેંગે

એ વતન, એ વતન, હમ કો તેરી કસમ
તેરી રાહે મેં જાં તક લૂટા જાયેંગે
ફૂલ ક્યા ચીઝ હૈ તેર કદમોં પે હમ
ભેટ અપને સરોં કી ચઢા જાયેંગે.

પ્રેમ ધવન

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,